નવરાત્રીની શુભેચ્છા....

www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૫, અંક:૩૯, કુલ પાના:૪, તારીખ: ૦૭-૧૦-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 39 PRICE :-RS. 1.50 DATE : 07-10-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

કોરોના સમયે વિજળીનો વધુ ઉપયોગના કારણે કોલસાનો સ્ટોક ખતમ

કોલસાના અછતથી ઉત્તર ગુજરાતમાં વીજકાપ

મહેસાણા,

ઉર્જા મંત્રાલયના કહેવા પ્રમાણે વીજ સંકટ પાછળનું એક કારણ કોરોના કાળ પણ છે. આ દરમિયાન વીજળીનો ખૂબ જ વધારે ઉપયોગ થયો છે અને હજુ પણ વીજળીની માગ ખૂબ વધી રહી છે. ૨૦૧૯માં ઓગષ્ટ-સપ્ટેમ્બર મહિના દરમિયાન વીજળીની કુલ ખપત ૧૦ હજાર ૬૬૦ કરોડ યુનિટ પ્રતિ માસ હતી. આ આંકડો ૨૦૨૧માં વધીને ૧૨ હજાર ૪૨૦ કરોડ યુનિટ પ્રતિ માસ થઈ ગયો છે. આગામી થોડા દિવસોમાં જ તમારૂં ઘર પાવર કટની લપેટમાં આવી શકે છે કારણ કે, દેશમાં માત્ર ૪ જ દિવસ માટેનો કોલસો બચ્યો છે. ભારતમાં વીજળીના ઉત્પાદન માટે કોલસાનો જ સૌથી વધારે ઉપયોગ થાય છે અને ઉર્જા મંત્રાલયના અહેવાલ પ્રમાણે કોલસા પર આધારીત વીજળી ઉત્પાદન કેન્દ્રોમાં કોલસાનો સ્ટોક ખૂબ જ ઘટી ગયો છે. દેશના ૭૦ ટકા વીજ ઉત્પાદન કેન્દ્ર કોલસા પર આધારીત છે. કુલ ૧૩૫ થર્મલ પાવર પ્લાન્ટ્સમાંથી ૭૨ પાસે કોલસાનો ૩ દિવસ કરતા પણ ઓછો સ્ટોક છે. જ્યારે ૫૦ પાવર પ્લાન્ટ એવા છે જ્યાં કોલસાનો ૪થી ૧૦ દિવસનો સ્ટોક બચ્યો છે. ૧૩ પ્લાન્ટ્સ જ એવા છે જ્યાં કોલસાનો ૧૦ દિવસ કરતા વધારેનો સ્ટોક બચ્યો છે. ઉર્જા મંત્રાલયના અહેવાલ પ્રમાણે આ તંગી પાછળનું મોટું કારણ કોલસાના ઉત્પાદન અને તેની આયાતમાં જે મુશ્કેલીઓ આવી રહી છે તે છે. ચોમાસાના કારણે કોલસાના ઉત્પાદનમાં ઘટાડો થયો છે. તેની કિંમતો પણ વધી છે અને ટ્રાન્સપોર્ટેશનમાં ખૂબ જ અડચણો આવી છે. આ એવી સમસ્યાઓ છે જેના કારણે આગામી સમયમાં દેશમાં વીજ સંકટ સર્જાઈ શકે છે.

હાલ દેશમાં વીજસંકટ છવાયેલું છે તે દરમ્યિાન ગુજરાતમાં પણ વીજસંકટ જોવા મળ્યું હતું જેમાં યુજીવીસીએલ દ્વારા ઉત્તર ગુજરાતના ગામડાઓમાં સરપંચોને જાણ કરી હતી કે ગામડાઓમાં વીજકાપ રાખવામાં આવશે. આ વીજકાપનું મુખ્ય કારણ દેશ અને ગુજરાતમાં કોલસાની અછત છે. જેથી ઉત્તર ગુજરાતના ગામડાઓમાં યુજીવીસીએલ દ્વારા બપોરના સમયે વીજકાપ કરવામાં આવશે.

ગુજરાત સરકારે જાહેર કર્યા નવરાત્રીના નિયમો

ગાંધીનગર,

રાજ્ય સરકાર દ્વારા યોજાતો નવરાત્રી મહોત્સવ પણ આ વર્ષે નહીં યોજાય. તો અમદાવાદના ય્ટ્ઠઝ ગ્રાઉન્ડમાં પણ ગરબાનું આયોજન કરવામાં આવશે નહીં. અમે તમામ લોકોના વિષયની ચર્ચા કરીને આ નિર્ણય કર્યો છે. મને ગુજરાતના સૌ લોકો પર વિશ્વાસ છે કોઈ નિયમ તોડશે જ નહીં. આ નિયમ લોકોની સેફટી માટે છે. નવરાત્રી એ ખૂશી અને માતાની આસ્થાનો તહેવાર છે. આમાં કોઈના પર પગલાં ભરવા પડે તે પ્રકારની પરિસ્થિતિ ઉભી થવાનો સવાલ જ નથી. કોરોનાનું સંક્રમણ ગુજરાતમાં ઓછું થતા રાજ્ય સરકારે શેરી ગરબાને મંજૂરી આપી છે. ત્યારે નવરાત્રીના એક દિવસ પહેલા જ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ નિયમોને લઈને મીડિયા સાથે વાતચીત કરી હતી. તેમને લોકોને નવરાત્રીમાં કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરવાની અપીલ કરી હતી. રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, તમામ ડીપાર્ટમેન્ટ સાથે ચર્ચા કરીને એમ કહેવાય છે કે, કોઈ બીમાર હોય અને ચાલી ન શકતા હોય પણ ગરબાની ધૂન શરૂ થાય તો ન ચાલી શકતો માણસ પણ ગરબા રમવા માંડે. કોરોનાના કારણે માનસિક તણાવ લોકોને દૂર થાય તે લોકો શેરી ગરબાનું આયોજન કરી શકે તેવી વ્યવસ્થા માટે પહેલી બેઠકમાં ૪૦૦ લોકોની છૂટ આપવામાં આવી છે. ગુજરાતના અલગ-અગલ વિસ્તારમાંથી લોકોની માગણી આવી હતી. મુખ્યમંત્રી અને સૌ લોકોએ આ બાબતે ચિંતા કરીને બેઠકો બોલાવી હતી. તેમાં ચર્ચા થઈ કે રાજ્યમાં કોમર્શિયલ ગરબાનું આયોજન કરાવી શકાય તેવી પરિસ્થિતિ થઈ નથી. તેથી કોમર્સિયલ ગરબાની છૂટ આપવામાં આવી નથી. સૌ ગુજરાતીઓએ સાથે મળીને આ તહેવારની ઉજવણી કરી શકે એટલા માટે ૧૨ વાગ્યા સુધી કર્ફ્યૂની છૂટ આપવામાં આવી છે. આપણે સૌએ સાથે મળીને ગરબાની ઉજવણી કરવાની છે. તમામ યાત્રાધામો છે ત્યાં એક-એક દિવસ કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરતા ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. તમામ લોકો માટે નિયમ એક સરખો જ બનાવવામાં આવ્યો છે. આવનારા સમયમાં બીજા તહેવાર આનાથી વધારે છૂટછાટની સાથે ઉજવી શકીએ તે માટે આ કાયદાનું પાલન કરીને આપણે સૌએ સાથે મળીને કોરોનાની સામે લડતા લડતા ગરબાની ઉજવણી કરી શકીએ તેવું આપને શુભકામના. હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે, સોસાયટીઓમાં ગરબા હોય ત્યાં જે લોકોએ વેક્સીન લીધી હોય તે લોકો જ ગરબા લેવા આવે. જે લોકોને વેક્સીન લેવાનું બાકી હોય તે આ નિયમથી પ્રેરણા લઈને વેક્સીન લે તેવો એક પ્રયાસ પણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. આપણે સૌ જાણીએ છીએ કે એવા પણ મહાનગરો છે કે જ્યાં ૧૦૦% પહેલો વેક્સીનનો ડોઝ આપવામાં આવ્યો છે અને બીજા ડોઝનું કામ ચાલી રહ્યું છે. ગુજરાતના લોકો ખૂબ હોશિયાર છે. ત્યારે પોલીસને કોઈ પણ પ્રકારની અગવડ નહીં પડે. પોલીસ કોઈ પણ નિયમ અનુસાર ગરબા રમતા હશે ત્યાં અગવડ નહીં પાડે તેવી પણ હું ખાતરી આપું છું. આ લડાઈ હજુ પૂર્ણ થઈ નથી. આ લડાઈ હજુ મજબૂતાઈથી લડવાની છે.

દેશમાં પેટ્રોલ, ડીઝલના ભાવ આસમાને પહોંચવા લાગ્યા ભોપાલ, ઈન્દોરમાં ૧૧૧ને પાર

નવી દિલ્હી,

આતંરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડનો ભાવ વધીને ૮૧.૫૧ ડોલરને પાર થઇ ગયો છે. એક મહિના પહેલા આ જ ક્રૂડનો ભાવ ૭૨ ડોલરની નીચે હતો. ઉલ્લેખનીય છે કે ભારતીય ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ ૧૮ જુલાઈથી ૨૩ સપ્ટેમ્બર સુધીમાં કોઇ ભાવવધારો કર્યો ન હતો. ભારતીય ઓઇલ કંપનીઓએ ડીઝલમાં ૨૪ સપ્ટેમ્બરથી અને પેટ્રોલમાં ૨૮ સપ્ટેમ્બરથી ભાવવધારો કરવાનું શરૂ કર્યુ છે. ત્યારથી લઈને અત્યાર સુધીમાં ડીઝલના ભાવમાં ૨.૪૫ રૂપિયા અને પેટ્રોલના ભાવમાં ૧.૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ અગાઉ ચોથી મેથી ૧૭જુલાઈ દરમિયાન પેટ્રોલના ભાવમાં ૧૧.૪૪ રૂપિયા અને ડીઝલના ભાવમાં ૯.૧૪ રૂપિયાનો વધારો થયો હતો. પેટ્રોલમાં ૨૫ પૈસા અને ડીઝલમાં ૩૦ પૈસાનો વધારો કરવામાં આવતા બંનેના ભાવ નવી ઉંચાઈએ પહોંચી ગયા છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડનો ભાવ ૨૦૧૪ પછીની સૌથી ઉંચી સપાટીએ પહોંચી જતાં દેશની સરકારી ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ ફરી એક વખત પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો છે. આજના ભાવવધારા પછી દિલ્હીમાં એક લિટર પેટ્રોલનો ભાવ વધીને ૧૦૨.૬૪ રૂપિયા અને એક લિટર ડીઝલનો ભાવ વધીને ૯૧.૭૦ રૂપિયા થઇ ગયો છે. મુંબઈમાં એક લિટર પેટ્રોલનો ભાવ વધીને ૧૦૮.૬૭ રૂપિયા અને એક લિટર ડીઝલનો ભાવ વધીને ૯૮.૮૦ રૂપિયા થઇ ગયો છે. ઉલ્લેખનીય છે કે વિવિધ રાજ્યોમાં વેટનો દર અલગ અલગ હોવાથી દરેક રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલનો ભાવ ભિન્ન જોવા મળે છે. એક સપ્તાહમાં ઇંધણના ભાવમાં છઠ્ઠી વખત વધારો કરવામાં આવતા દેશના મોટા ભાગના શહેરોમાં પેટ્રોલનો ભાવ વધીને ૧૦૦ રૂપિયાને પાર થઇ ગયો છે. મધ્ય પ્રદેશના ભોપાલ અને ઈન્દોરમાં પેટ્રોલનો ભાવ ૧૧૧ રૂપિયાને પાર થઇ ગયો છે. બીજી તરફ બે સપ્તાહમાં ડીઝલના ભાવમાં ૯મી વખત ભાવવધારો કરવામાં આવતા મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ઓડિશા, આંધ્ર પ્રદેશ અને તેલંગણાના કેટલાક શહેરોમાં ડીઝલનો ભાવ પણ ૧૦૦ રૂપિયાને પાર થઇ ગયો છે. વિશ્વમાં ઓઇલની અછત સર્જાઇ હોવા છતાં ઓપેક દેશોએ ક્રૂડના ઉત્પાદન અંગે પોતાની અગાઉની નિર્ધારિત નીતિમાં કોઇ ફેરફાર ન કરતાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડનો ભાવ વધીને સાત વર્ષની ઉંચી સપાટીએ પહોંચી ગયો છે.

૧૧ લાખ રેલવે કર્મચારીઓને દિવાળીની ભેટ અપાશે

દિલ્હી,

અનુરાગ ઠાકુરે કાપડ મંત્રાલય સંબંધિત નિર્ણયની પણ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે પીએમ મિત્ર યોજના શરૂ કરવામાં આવશે. આમાં પાંચ વર્ષમાં ૪,૪૪૫ કરોડનો ખર્ચ થશે. આ યોજનાથી કાપડ ઉદ્યોગમાં મોટા બદલાવની આશા છે. અનુરાગ ઠાકુરે કહ્યું કે આ સાથે રોજગારીની તકો પણ વધશે. પીએમ મિત્ર યોજના હેઠળ ૭ મેગા ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ રિજનલ એન્ડ એપેરલ (MITRA) પાર્ક તૈયાર કરવામાં આવશે.ભારતીય રેલવેના નોન-ગેઝેટેડ કર્મચારીઓને કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે તહેવારની ભેટ આપી છે. આવા કર્મચારીઓને ૭૮ દિવસનું બોનસ આપવામાં આવશે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે, ગણતરીના આધારે ૭૨ દિવસનું બોનસ આપવામાં આવે છે પરંતુ આ વખતે છ વધારાના દિવસોનું બોનસ આપવામાં આવશે. મતલબ કે નોન-ગેઝેટેડ કર્મચારીઓને કુલ ૭૮ દિવસનું બોનસ મળશે. અનુરાગ ઠાકુરના જણાવ્યા અનુસાર, ૧૧ લાખ ૫૬ હજાર વધુ કર્મચારીઓને આનો લાભ મળશે. આ નિર્ણયથી સરકારને ૧,૯૮૫ કરોડનો ખર્ચ થશે. અનુરાગ ઠાકુરે કહ્યું કે, અતિ વિષમ સંજોગો હોવા છતાં સરકારે બોનસ આપવાનો નિર્ણય કર્યો છે.

ભૂપેન્દ્રભાઈ પટેલ દુબઈ એક્સપો-૨૦૨૦માં વિડીયો કોન્ફરન્સથી સહભાગી થશે

રાજકોટ,

દુબઈ એક્સપો –૨૦૨૦માં 'ધોલેરા પાયોનિયરીંગ સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ઈન ઈન્ડીયાલ્ર સેશનનો પ્રારંભ ભારતીય સમય અનુસાર બપોરે ૪ કલાકે થવાનો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે આ સત્રમાં ભારતના દુબઈ ખાતેના કોન્સ્યુલ જનરલ શ્રી અમન પૂરી, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડીયાના ચેરમેન સંજીવકુમાર, શરાફ ગૃપના વાઈસ ચેરમેન શરાફૂદ્દિન શરાફ પણ વર્ચ્યુઅલ તેમજ પ્રત્યક્ષ ઉપસ્થિતીથી જોડાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દુબઈ એક્સપો-૨૦૨૦માં ઈન્ડીયા પેવેલિયન ખાતે આજે બપોરે ધોલેરા SIRના યોજાનારા સ્પેશ્યલ સેશનમાં વિડીયો કોન્ફરન્સથી સહભાગી થશે. સેટિંગ ન્યૂ બેંચ માર્કસ ફોર ઈન્ડસ્ટ્રીયલ સ્માર્ટ સિટી-ધોલેરા ઈન્ડસ્ટ્રીયલ સિટીલ્લની વિષયવસ્તુ સાથે આયોજિત આ સત્રમાં મુખ્યમંત્રીશ્રી આ ગ્રીનફિલ્ડ ઈન્ડસ્ટ્રીયલ સિટી ધોલેરા SIRની વિશેષતાઓની પ્રભાવક પ્રસ્તૃતિ કરશે.

ઓનલાઈન ટેન્ડરીંગ, માર્ગ અને મકાન વિભાગ
જાહેર નિવિદા-૧૯ સને : ૨૦૨૧-૨૨
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઇજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઇન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા–૩૮૯૦૦૧ જી.પંચમહાલ ફોન નં.(૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા ચોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઇજારદારો પાસેથી કેશ બેરીયરના ૦૩ (ત્રણ) પેકેજ માટે ઓનલાઇન ટેન્ડર બી.૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂા.૪૮.૦૯ લાખ થી ૧૪૨.૧૭ લાખ વચ્ચેની છે.

પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કામો માટેના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઇટ https://rnb.nprocure.com પર તા.૧૬.૧૦.૨૦૨૧, ૧૨:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. અને તા.૧૬.૧૦.૨૦૨૧, ૧૮:૦૦ કલાક સુધી ઓનલાઇન ભરવાના રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઇટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજ સમય દરમ્યાન સંપર્ક સાધવા વિનંતી.

માહિતી/ગોધરા/૫૭૪/૨૦૨૧

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એ. સી. પટેલ

મુ. માતરીયા વ્યાસ, તા. શહેરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

અજયકુમાર રાવજીભાઈ પટેલ

મુ. લીમ્બોદરા, તા. શહેરા

રાજ્યમાં વધુ 18 PSA ઑક્સિજન પ્લાન્ટ્સના લોકાર્પણ સાથે આરોગ્ય સેવા બનશે વધુ વેગવંતી અને સુદ્રઢ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળ રાજ્યની વિવિધ સરકારી હૉસ્પિટલોમાં અત્યાર સુધી ૨૬૧ પ્લાન્ટ્સ સ્થાપિત થઈ ચૂક્યા છે. જે ૨૦૪ મેટ્રિક ટનની ઉત્પાદન ક્ષમતા ધરાવે છે.

સમગ્ર રાજ્યમાં આજે PM CARES ફંડ અંતર્ગત ભરૂચ, પાટણ, પાલનપુર, થરાદ, ખેડબ્રહ્મા, ભિલોડા, માણસા, વડનગર, ગોધરા, સંતરામપુર, ગરુડેશ્વર, ન્યૂ સિવિલ હૉસ્પિટલ સુરત, સ્મીમેર હૉસ્પિટલ સુરત, સોલા સિવિલ અને ગાંધીધામ જ્યારે ગુજરાત CSR ઑથોરિટીના રાજપીપળા, ઝાલોદ તથા મોરબી ખાતે નવા સ્થાપિત PSA પ્લાન્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી રહ્યા છે.

ઑક્સિજન પ્રબંધન બાબતે દરેક દિશામાં કરીને નક્કર પ્રયાસ,
કોરોના સામે સજ્જ છે ગુજરાત સરકાર

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

મહિસાગર જિલ્લામાં જુના વાહનો લે-વેચ કરનારાઓએ નિયત રજીસ્ટર નિભાવવું

લુણાવાડા,

રાજયમાં ગુપ્તચર સંસ્થાઓના વખતોવખત પ્રસિધ્ધ થતાં અહેવાલો, વર્તમાન અને ભૂતકાળમાં બનેલ અને અગાઉ જમ્મુ-કાશ્મીર ખાતે આતંકવાદી તત્વો દ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બ બ્લાસ્ટ દ્વારા જાનહાનિ, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. આ ઘટનાઓમાં મોટો ભાગે જૂની ફોર-થ્રી વ્હીલર ગાડીઓ, જૂના વાહનો તથા તેનો સ્પેરપાર્ટસનો ઉપયોગ આવા તત્વો દ્વારા કરવામાં આવતો હોય છે. આ પ્રકારની પ્રવૃત્તિઓ ઉપર અંકુશ મૂકવો જરૂરી હોઇ તેમજ આગામી નવરાત્રિ, વિજયાદશમી, ઇદ-એ-મિલાદ, સરદાર પટેલ જયંતિ, દિવાળી, નૂતનવર્ષ, ભાઇબીજ, ગુરૂનાનક જયંતિ, દેવદિદાળી જેવા ધાર્મિક તહેવારો આવતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુથી મહિસાગર-લુણાવાડા ના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એ.આઇ.સુથારે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સી.આર.પી.સી. ૧૯૭૩(૧૯૭૪ ના નં-૨) ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર મહિસાગર જિલ્લામાં જુના ફોર વ્હીલર, થ્રી વ્હીલર ગાડીઓ વેચનાર-ખરીદનાર વ્યકિતઓને નિયત રજીસ્ટર નિભાવવા હુકમ જારી કર્યો છે.

આ હુકમ અનુસાર મહીસાગર જિલ્લાના વિસ્તારમાં જૂના ફોર-થ્રી-ટુ વ્હીલર ગાડીઓ ખરીદનાર-વેચનાર વ્યકિતઓએ ફરજિયાત રજિસ્ટર નિભાવવાનું રહેશે. જેમાં વેચનારનું નામ સરનામું અને વેચવાનું કારણ, ખરીદનારનું પુરેપુરૂ નામ સરનામું મોબાઇલ નંબર, ખરીદનારનું આઇ.ડી.પ્રુફ તથા રેસીડેન્ટ પ્રુફની વિગત, જુનુ વાહન ખરીદવાનું/ખરીદયાનું કારણ અને તારીખ તથા એન્જીન ચેસીસ નંબર, મોડેલ નંબર, રજીસ્ટ્રેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવાની રહેશે.

જયારે આ વ્યકિતઓએ જુનુ ફોર વ્હીલર, થ્રી વ્હીલર અને ટુ વ્હીલર વાહનો ખરીદનારને બીલ આપવાનું રહેશે અને તેની નકલ રાખવાની રહેશે, વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઇલેકશન કાર્ડ, રેશનકાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવા કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્ય, સંસદ સભ્ય, કોઇપણ ખાતાના રાજયપત્રિત અધિકારી તરફથી મેળવેલ ઓળખપત્ર/પ્રમાણપત્ર પૈકી કોઇપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવા વાહનો વેચાણકર્તાએ મેળવવાના રહેશે. બીલમાં ખરીદનારનું પુરૂ નામ/સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઇલ નંબર લખવો. વેચાણ બીલમાં જુના વાહનનો એન્જીન નંબર, મોડલ નંબર, રજીસ્ટ્રેશન નંબર/ચેસીસ નંબર લખવો.

આ હુકમ તા. ૧/૧૦/૨૦૨૧થી અમલમાં આવે તે રીતે બે માસ સુધી સમગ્ર મહીસાગર જિલ્લામાં અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિતને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મહિસાગર જિલ્લામાં મકાન ભાડે આપતા પહેલા નજીકના પોલીસ સ્ટેશને જાણ કરવાની રહેશે

લુણાવાડા,

બહારના રાજયમાંથી અગર દેશ બહારથી આવતા અસામાજિક તત્વો દ્વારા સ્થાનિક લોકોની મદદથી ભાડેથી અથવા વેચાણથી રહેણાંક વિસ્તારાં મકાન લઇ સ્થાનિક લોકોમાં ગુપ્ત રીતે ભળી જઇ સામાન્ય માણસોની જેમ રહી પોતાના બદઇરાદા પાર પાડી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરી માનવ જિંદગીની ખુવારી સાથે લોકોની સંપત્તિને પણ નુકશાન કરી જતા રહે છે. જેથી તેઓના નામ-સરનામા મળી શકતા નથી જેના કારથે ગુન્હાઓનો ભેદ ઉકેલી શકાતો નથી.

બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા તત્વો સ્થાનિક વિસ્તારોમાં કોઇના મકાન ભાડે રાખી રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓ ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આગામી સમયમાં નવરાત્રી, વિજયાદશમી, ઇદે મિલાદ, સરદાર પટેલ જયંતિ, દિવાળી, નુતન વર્ષારંભ, ભાઇબીજ, ગુરૂનાનક જયંતિ, દેવ દિવાળી વિગેરે ધાર્મિક તહેવારો આવતા હોવાથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે સમગ્ર મહિસાગર જિલ્લામાં મકાન ભાડે આપતા પહેલા મકાન માલિકો ઉપર કેટલાક નિયંત્રણો મૂકવા જરૂરી હોઇ મહિસાગર-લુણાવાડાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એ.આઇ.સુથારે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સી.આર.પી.સી. ૧૯૭૩(૧૯૭૪ ના નં-૨) ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર મહિસાગર જિલ્લામાં મકાન ભાડે આપતા પહેલા નજીકના પોલીસ સ્ટેશને જાણ કરવાની રહેશે. પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને ભાડે મકાન આપી શકાશે નહીં જયારે ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તેઓએ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનને મકાન માલિકનું નામ તથા ભાડ આપેલ મકાનની વિગત, વિસ્તાર, મકાન નંબર, મકાન ભાડે આપવા સત્તા ધરાવતના વ્યકિતનું નામ-સરનામું, મકાન કયારે ભાડે આપેલ છે, ભાડાની વિગત સાથે કેટલા સમય માટે ભાડે આપેલ છે, કઇ વ્યકિતઓને ભાડે આપેલ છે, તેમાં રહેનાર વ્યકતિઓના પાકા નામ-સરનામા, સ્થાનિક રીતે ભાડુઆતની ઓળખાણ આપનારનું નામ-સરનામું, મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ-સરનામું જેવી વિગતો આપવાની રહેશે. આ હુકમ સમગ્ર મહીસાગર જિલ્લામાં તા. ૧/૧૦/૨૧થી બે માસ સુધી અમલમાં રહેશે. અ । જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિતને ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

વન્ય પ્રાણી સપ્તાહ નીમીત્તે ગુજરાતના સાપ નો જાગૃતિ કાર્યક્રમ ઉજવામાં આવ્યો

તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

મહીસાગર નેચર એન્ડ એડવેન્ચર અને વાઇલ્ડ લાઇફ રેસ્ક્યુ મહીસાગર અને વન વિભાગ મહીસાગર દ્વારા સંતરામપુર તાલુકાની યુ.આર.બુનિયાદી હાઇસ્કૂલમાં ગુજરાતના સાપ વિશે શિક્ષણ દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો. વિદ્યાર્થી અને સ્ટાફ ના કર્મચારીઓ ને વાઇલ્ડ લાઇફ રેસ્ક્યુ ફોઉન્ડેશનના પ્રેસિડેન્ટ મયુરભાઇ પ્રજાપતિ એ સાપની વિસ્તૃત માહિતી આપી હતી. જેમ કે, ગુજરાતમાં ઝેરી સાપ તેમજ બિન ઝેરી સાપ ઓળખવા સાપ કરડે તો શુ કરવું અને આપણી આસ પાસ સાપ જોવા મળે તો શુ કરવું, તેમજ ગુજરાત ની પકૃતી અને વન્ય જીવોને બચાવોનું સૂચન આપ્યું હતું. તેમજ વિદ્યાર્થીનો ડર દૂર થાય તેવા પ્રશ્નોના જવાબ પણ આપ્યા હતા. શિક્ષણની સાથે સાથે આ પકૃતી વન્ય જીવ શિક્ષણ પણ આવનારી પેઢી માટે ખુબ અગત્યનું છે.

SDH સંતરામપુર ખાતે PM કેર્સ ફંડમાંથી નિર્માણ પામેલ ૦.૯૪ મેટ્રીક ટનની ક્ષમતા ધરાવતા PSA ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ

લુણાવાડા,

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી ઉત્તરાખંડના ઋષિકેશ ખાતેથી આજે તા. ૭/૧૦/૨૦૨૧ના રોજ સવારના ૧૦-૦૦ કલાકે પીએમ કેર્સ ફંડ અંતર્ગત નિર્માણ પામેલ પીએસએ ઓક્સિજન પ્લાન્ટસનું રાષ્ટ્રવ્યાપી ઇ-લોકાર્પણ કરશે.

આ રાષ્ટ્રવ્યાપી ઇ-લોકાર્પણ અંતર્ગત ગુજરાત રાજયમાં ભરૂચ સહિત રાજયના વિવિધ ૧૮ સ્થળોએ પણ પીએસએ પ્લાન્ટના લોકાર્પણના કાર્યક્રમો યોજાશે.

તદ્અનુસાર રાજયમાં રાજયકક્ષાનો કાર્યક્રમ ભરૂચ ખાતે યોજાનાર છે. જયાં રાજયના મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ ઉપસ્થિત રહેશે. જયારે મહીસાગર જિલ્લાના સંતરામપુર ખાતેના એસડીએચ ખાતે રાજયના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજય મંત્રી કુબેરભાઇ ડિંડોર વિશેષ ઉપસ્થિત રહી પીએમ કેર્સ ફંડમાંથી ૦.૯૪ મેટ્રીક ટનની ક્ષમતા ધરાવતા પીએસએ ઓકિસજન પ્લાન્ટનું લોકાર્પણ કરશે.

આ પ્રસંગે ધારાસભ્યઓ, જિલ્લા પંચાયતના પ્રમુખ, જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યઓ, જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો એસ. બી. શાહ, અગ્રણી નાગરિકો, તબીબો સહિત આરોગ્ય કર્મીઓ ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે કોવિડ-૧૯ની મહામારી અંતર્ગત કોરોના વોરિયર્સ તથા વેક્સિનેશનમાં મહત્વનું યોગદાન આપનાર વ્યકિતઓનું ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવશે.

સમગ્ર રાજયમાં ભરૂચ, સંતરામપુરની સાથે ભરૂચ, પાટણ, પાલનપુર, થરાદ, ખેડબ્રહ્મા, ભિલોડા, માણસા, વડનગર, ગોધરા, ગરૂડેશ્વર, ન્યુ સિવિલ હોસ્પિટલ, સૂરત, સ્મીમેર હોસ્પિટલ, સૂરત, સોલા સિવિલ હોસ્પિટલ અને ગાંધીધામ જયારે ગુજરાત સીએસઆર ઓથોરિટીના રાજપીપળા, ઝાલોદ, તથા મોરબી ખાતે નવા સ્થાપિત પીએસએ પ્લાન્ટ રાષ્ટ્ર સેવામાં સમર્પિત કરવામાં આવશે. જેનો કુલ અંદાજિત ખર્ચ રૂા. ૧૧.૮૦ કરોડ છે.

વન્યપ્રાણી સપ્તાહ મહીસાગર વન વિભાગ (નોર્મલ) દ્વારા વન્યપ્રાણી જાગૃતિ માટે સભા અને રેલીનું આયોજન કરવામાં આવ્યું

લુણાવાડા,

વન્યપ્રાણી સપ્તાહ મહીસાગર વન વિભાગ (નોર્મલ) અંતર્ગત લુણાવાડા રેંજ દ્વારા શિગ્રલી રાઉન્ડના ભાટપુરા ગામ ખાતે સહભાગી વન વ્યવસ્થા મંડળીના સભ્યો સાથે લુણાવાડા રેંજ સ્ટાફ દ્વારા વન્યપ્રાણી જાગૃતિ માટે સભા અને રેલીનું આયોજન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં વન્યપ્રાણી સંરક્ષણ અંગેની જાગૃતિ કાર્યક્રમ,પ્રકૃતિ શિક્ષણ અંગેની સમજ આપવામાં આવી. આ પ્રસંગે ભાટપુરા સહભાગી વન વ્યવસ્થા મંડળીના પ્રમુખ,મંત્રી તથા અન્ય સભ્યો એ હાજર રહી વન્યજીવ સંરક્ષણ કરવા બાબતે કટિબદ્ધતા દર્શાવી હતી. તેમજ ભાટપુરા સહભાગી વન વ્યવસ્થા મંડળીના સભ્યો સાથે લુણાવાડા રેંજ સ્ટાફ દ્વારા લોકજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી ભાટપુરા નર્સરી થી શરૂ કરી ભાટપુરા, પ્રાથમિક શાળા ખાતે પૂર્ણ થઇ હતી. રેલી માં ભાટપુરા સહભાગી વન વ્યવસ્થા મંડળી ના પ્રમુખ/મંત્રી તથા સભ્યો અને લુણાવાડા રેંજ ના કર્મીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. લોકજાગૃતિ રેલી દરમિયાન રેંજ સ્ટાફ દ્વારા ભાટપુરા ના ગ્રામજનોને વન્યજીવ સંરક્ષણ અંગે જાગૃત કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમમાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ ની મહત્વની જોગવાઇઓ તેમજ માનવવન્યપ્રાણી ઘર્ષણ અટકાવવા અંગેની સમજ આપવામાં આવી હતી. આ વિસ્તારમાં વધુ જોવા મળતા મગર જેવા વન્યપ્રાણીના રેસ્કયુ બાબતે લોકોને અગત્યની માહીતી પૂરી પાડવામાં આવી હતી. વન વિસ્તારમાં માનવસર્જિત દવ ન લગાડવા તેમજ વનમાં કુદરતી રીતે લાગેલ દવને કાબુમાં લાવવા બાબતે ગ્રામજનો દ્વારા મદદરૂપ થવા અપીલ કરવામાં આવી હતી. જાહેર જનતા માટે ઉપલબ્ધ કરવામાં આવેલ વન્યજીવના બચાવ,રાહત અને ફરીયાદ નિવારણ માટેની વન વિભાગની હેલ્પલાઇન ૮૩૨૦૦૦૨૦૦૦ વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા. આમ લુણાવાડા રેંજ દ્વારા યોજવામાં આવેલા ઉકત કાર્યક્રમમાં ભાટપુરા સહભાગી વન વ્યવસ્થા મંડળી ના પ્રમુખ/મંત્રી અને સભ્યો તેમજ અન્ય લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો અને વન્યપ્રાણી સંરક્ષણ અંગેની તેમજ અન્ય બાબતોની જાણકારી મેળવી હતી.

સંતરામપુર ખાતે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજય મંત્રી ની પ્રેરક ઉપસ્થિતિમાં વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી

લુણાવાડા,

મહીસાગર જિલ્લામાં વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. આ વન્ય સપ્તાહની ઉજવણી અંતર્ગત જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી અંતર્ગત આજે તા. ૭/૧૦/૨૦૨૧ના રોજ બપોરના ૧-૩૦ કલાકે સંતરામપુર ખાતેના એસ. પી. ગ્રાઉન્ડ ખાતે રાજયના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજય મંત્રી કુબેરભાઇ ડિંડોરની પ્રેરક ઉપસ્થિતિમાં વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાનપદે પંચમહાલના સાંસદ રતનસિંહ રાઠોડ અને દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર જયારે અતિથિવિશેષપદે લુણાવાડાના ધારાસભ્ય જીજ્ઞેશભાઇ સેવક અને બાલાસિનોરના ધારાસભ્ય અજીતસિંહ ચૌહાણ અને મહીસાગર જિલ્લા પંચાયતના પ્રમુખ રમીલાબેન ડામોર ઉપસ્થિત રહેનાર હોવાનું સામાજિક વનીકરણ વિભાગ, ગોધરાના નાયબ વન સંરક્ષક ઋષિરાજસિંહ પુવાર અને મહીસાગર-લુણાવાડાના નાયબ વન સંરક્ષ આર. બી. પટેલે જણાવ્યું છે.

નવરાત્રિનું શાસ્ત્ર

આસો સુદ એકમથી નવરાત્રોત્સવ પ્રારંભ થાય છે. આ નવ દિવસોમાં દુગદિવીનું તત્ત્વ વધારે પ્રમાણમાં કાર્યરત હોય છે. તેનો અધિકાધિક લાભ થાય તે માટે દેવીની ઉપાસના કરવાનું શાસ્ત્ર સમજી લઈને તેમની પૂજા સાથે સંબંધિત ધાર્મિક કૃતિઓ અધ્યાત્મની દષ્ટિથી યોગ્ય રીતે કરવી આવશ્યક હોય છે. આ તારક ઉપાસનાની સાથે જ નવરાત્રોત્સવમાં થનારા અનાચાર રોકીને ઉત્સવની પવિત્રતા જાળવી રાખવી એ પણ કાળ અનુસાર આવશ્યક દેવીની (મારક) ઉપાસના છે. હિંદુઓને આ બન્ને ઉપાસનાઓની જાણકારી આપવા માટે આ લેખ પ્રકાશિત કરી રહ્યા છીએ.

ઘટસ્થાપના શા માટે કરવી જોઈએ ?

નવરાત્રિના વ્રત માટે ઘરમાં કોઈ પવિત્ર સ્થાન પર વેદી બનાવીને, તેના પર સિંહારૂઢ અષ્ટભુજાદેવી અને નવાર્ણ યંત્રની સ્થાપના કરવી. બ્રહ્માંડના પ્રતીક તરીકે ઘટ (ગરબા)ની સ્થાપના યંત્રની પાસે કરીને, ઘટ અને દેવીની વિધિવત પૂજા કરવી. ઘરમાં ઘટપૂજન કરવાથી આપણને આદિશક્તિ દુગદિવીના તત્ત્વનો વધારેમાં વધારે લાભ થાય છે તથા વાસ્તુ પણ ચૈતન્યમય બને છે.

નવરાત્રિમાં અખંડ દીપપ્રજ્વલન શા માટે કરવું ?

નવરાત્રોત્સવ ઊજવવાનો અર્થ છે – ઘટરૂપી બ્રહ્માંડમાં અવતીર્ણ તેજસ્વી આદિશક્તિની, અખંડ પ્રજ્વલિત નંદાદીપના માધ્યમ દ્વારા નવ દિવસ પૂજા કરવી. નવરાત્રિમાં વાયુમંડળ દેવીની શક્તિરૂપી તેજલહેરોથી ભારિત થાય છે. દીપ એ તેજનું પ્રતીક છે. તેથી દીપની જ્યોતિ તરફ આ તેજ લહેરો આકર્ષિત થાય છે. દીપપ્રજ્વલનથી આ લહેરોનું વાસ્તુમાં ભ્રમણ થાય છે અને વાસ્તુમાં તેજ સંવર્ધિત થાય છે. તેથી શ્રદ્ધાળુઓને સહેલાઈથી લાભ મળે છે. તેથી નવરાત્રિમાં દીવો અખંડ પ્રજ્વલિત રાખવો જોઈએ.

દેવીનું પૂજન કેવી રીતે કરવું ?

દેવીને અનામિકાથી કંકુ કરવું. દેવીને મોગરો, ગુલછડી, કમળ અને જૂહીનાં ફૂલ ચડાવવા. ફૂલો એક અથવા નવગણી સંખ્યામાં, ડીટિયું દેવીની તરફ રાખીને ગોળાકાર પદ્ધતિથી ચડાવવા. વર્તુળમાં ખાલી જગા રાખવી. દેવીને બે ઉદ્બત્તીથી અને આરતિયું ઘડિયાળનાં કાંટાની દિશામાં, તેમની છાતીથી ભ્રૂમધ્ય સુધી ગોળાકાર આરતી ઉતારવી. દેવીને એક અથવા નવગણી સંખ્યામાં પ્રદક્ષિણા ફરવી.

દેવીનો ખોળો કેવી રીતે ભરવો ?

દેવીને અર્પણ કરવામાં આવનારી સાડી સુતરાઉ અથવા રેશમી હોવી જોઈએ. છ વારની સાડી કરતાં નવ વારની સાડી પહેરાવવી વધારે યોગ્ય છે. થાળીમાં સાડી મૂકીને તેના પર થોડા ચોખા, ચોળી-વસ્ત્ર અને નારિયેળ મૂકવા. નારિયેળનો અગ્રભાગ દેવી તરફ આવવો જોઈએ. આ સર્વ સામગ્રી ખોબામાં લેવી ખોબો છાતી સામે ધરીને શરણાગત ભાવથી દેવીની સામે ઊભુ રહેવું. ભાવપૂર્ણ પ્રાર્થના કરીને ખોળો ભરવાની સામગ્રી દેવીનાં ચરણોમાં અર્પણ કરવી. ત્યાર પછી આ સામગ્રી પર થોડા ચોખા ચડાવવા.

નવરાત્રિમાં કુમારિકાપૂજન શા માટે કરવું ?

નવરાત્રિમાં પ્રતિદિન એક કુમારિકાને અથવા એક જ દિવસે નવ કુમારિકાઓને ઘરે બોલાવવી. કુમારિકા અપ્રગટ શક્તિતત્ત્વનું પ્રતીક છે. કુમારિકામાં સંસ્કાર પણ ઓછા પ્રમાણમાં વ્યક્ત થાય છે. તેથી તેની પૂજા કરવાથી આપણને સગુણ દેવીતત્ત્વનો અધિકાધિક લાભ થાય છે. કુમારિકામાં વિદ્યમાન દેવીતત્ત્વ જાગૃત થઈ ગયું છે, આ ભાવ રાખીને તેની પાદ્યપૂજા કરવી. તેને આદિશક્તિનું રૂપ માનીને ભોજન અને નવાં કપડાં આપીને ભાવપૂર્ણ નમસ્કાર કરવો.

નવરાત્રિમાં દેવીનો જપ વધારેમાં વધારે કરવો!

નવરાત્રિમાં શ્રી દુગદિવીનું તત્ત્વ હંમેશાની તુલનામાં ૧,૦૦૦ ગણું વધારે હોય છે. આ તત્ત્વનો આપણને મોટા પ્રમાણમાં લાભ થાય, તે હેતુથી પૂરા નવ દિવસો સુધી "શ્રી દુગદિવ્યૈ નમઃ" આ નામજપ વધારેમાં વધારે કરવો.

(અધિક જાણકારી માટે વાંચોઃ સનાતનનો ગ્રંથ શક્તિ (૨ ભાગ) તથા લઘુગ્રંથ દેવીપૂજન સાથે સંબંધિત કૃતિઓનું શાસ્ત્ર).

રેલ મંત્રીએ ગુજરાતમાં રેલ પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કર્યું

નવી દિલ્હી,

પાલનપુર થી વાપીની મધ્યમાં પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક અશ્વિની આલોક કંસલની સાથે ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યોમાં ચાલી રહેલા કાર્યો/રેલવે પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરી. મંત્રીએ ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડના વરિષ્ઠ અધિકારીઓ ની સાથે પણ ચર્ચા કરી અને ક્ષેત્રમાં ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર ના નિર્માણની પ્રગતિની સમીક્ષા કરી. તેમણે પ્રોજેક્ટ્સને સમય પર પૂર્ણ કરવા માટે દરેક શક્ય પ્રયાસ પર ભાર મુક્યો.ભારત સરકારના રેલ, સંચાર, ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજીના મંત્રી અશ્વિની વૈષ્ણવે રાજસ્થાન અને ગુજરાતમાં રેલવે ટ્રેક અને ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર તથા રેલવેના ચાલી રહેલા વિવિધ કાર્યો અને પ્રોજેક્ટ્સનું વિસ્તૃત નિરીક્ષણ કર્યું. અમદાવાદ મંડળના રેલ પ્રવક્તાએ જાણકારી આપતા કહ્યું કે અશ્વિની વૈષ્ણવે ૩ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ ફાલનાથી વાપી સુધી મુસાફરી કરી. રસ્તામાં તેમણે ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોરના ચાલી રહેલા કર્યો અને અજમેર, અમદાવાદ, વડોદરા અને મુંબઈ સેન્ટ્રલ મંડળોમાં ચાલી રહેલા રેલવેના વિકાસ કાર્યો /પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કર્યું.

રાંધણ ગેસના ભાવમાં ધરખમ વધારો ઝીંકાયો

નવી દિલ્હી,

દેશના અનેક એવા શહેરમાં પેટ્રોલના ભાવ રૂ.૧૦૦ને પાર થઈ ગયા છે. મધ્ય પ્રદેશના સિવનીમાં અને રાજસ્થાન રાજ્યના શ્રીગંગાનગરમાં પેટ્રોલની કિંમતમાં દેશમાં સૌથી વધારે છે. ડીઝલ પણ અનેક શહેરમાં રૂ.૯૮ સુધી પહોંચી ગયું છે. પેટ્રોલ અને ડીઝલ પર રાજ્ય સરકારનો વેટ લાગુ પડે છે. આ સિવાય કેન્દ્ર સરકાર એક્સાઈઝ ડ્યૂટી તેમજ સેસ લાગુ કરે છે. સરકાર એવું કહે છે કે, ક્રુડ ઓઈલની કિંમતમાં વધારો થવાને કારણે આવું થઈ રહ્યું છે.ડોમેસ્ટિક ગેસ સિલિન્ડરના ભાવમાં બુધવારે મોટો ભાવ વધારો થયો છે. જેના કારણે તહેવાર પહેલા ગૃહિણીઓનું બજેટ ખોરવાય એવી પૂરી શક્યતાઓ દેખાઈ રહી છે. ડોમેસ્ટિક ગેસ સિલિન્ડરના ભાવમાં સીધા રૂ.૧૫નો ભાવ વધારો થયો છે. રાજધાની દિલ્હીમાં LPG ગેસ સિલિન્ડરની કિંમત હવે રૂ.૮૯૯.૫૦ પ્રતિ સિલિન્ડર થઈ છે. પેટ્રોલ-ડીઝલના વધી રહેલા ભાવના માહોલ વચ્ચે ડોમેસ્ટિક ગેસ સિલિન્ડરના વધેલા ભાવે સામાન્ય માણસની કમર તોડી નાંખી છે. મધ્યમ અને નોકરિયાત વર્ગ પર વધુ એક માર પડ્યો છે. જેની સીધી અસર એમના માસિક આર્થિક બજેટ પર થવાની છે. આ વર્ષે ગેસ સિલિન્ડરના ભાવમાં સરેરાશ રૂ.૨૦૫ વધ્યા છે. તેલ તથા ગેસ એજન્સીએ રાંધણ ગેસમાં ઉપયોગમાં લેવાતા ગેસ સિલિન્ડરના ભાવમાં રૂ.૧૫નો મોટો વધારો કર્યો છે. જેના કારણે નવી કિંમત રૂ.૮૯૯.૫૦ સામે આવી છે. જ્યારે પાંચ કિલો ગેસ સિલિન્ડરના ભાવ રૂ.૫૦૨ સુધી પહોંચ ગયા છે. LPGની તમામ કેટેગરીમાં ભાવ વધારો થયો છે. આ વર્ષે સિલિન્ડરની કિંમતમાં થયેલા ભાવ વધારાને કારણે ફૂડ આઈટ્મ અને પેકેટ્સ ફૂડના ભાવમાં પણ વધારો થાય એવા એંધાણ દેખાઈ રહ્યા છે. ૧૪.૨ કિલો સિલિન્ડરની કિંમત બે મહિનામાં સતત ચોથી વખત વધી છે. સબસીડી સિલિન્ડરની કિંમત અને સબસીડી વગરના સિલિન્ડરની કિંમત હવે રૂ.૮૯૯.૫૦ રહેશે. આ પહેલા તા.૧ ઑક્ટોબરના રોજ સિલિન્ડરના ભાવમાં રૂ. ૨૫નો સીધો વધારો કરાયો હતો. દર વર્ષે સરકાર તમામ ગેસ કનેક્શન ધારકોને ૧૨ સિલિન્ડર સબસીડીના ભાવથી ઓછી કિંમત પ્રાપ્ય કરાવે છે. આ સિવાયના સિલિન્ડર પર માર્કેટ પ્રાઈસ અનુસાર ચૂકવણી કરવી પડે છે. બુધવારે પેટ્રોલ-ડીઝલના ભાવમાં ફરી એકવખત મોટો ભાવ વધારો થયો હતો. જુદા જુદા શહેરમાં પેટ્રોલના ભાવમાં ૨૬થી ૩૦ પૈસા વધ્યા હતા. જ્યારે ડીઝલની કિંમતમાં ૩૪થી૩૭ પૈસા વધ્યા હતા. સતત વધી રહેલી મોંઘવારીથી પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ છે. તહેવાર પહેલા થયેલા ભાવ વધારાને કારણે પરિવારના તહેવાર મનાવવાના મુડ ઉપર પણ માઠી અસર થઈ છે.

મુંબઈમાં પકડાયેલ આર્યન ખાનનો ફોન ગાંધીનગર FSLમાં તપાસે આવ્યો

ગાંધીનગર,

NCBની તપાસ દરમિયાન આર્યન ખાને ડ્રગ્સની ખરીદી અને રુપિયાની ચૂકવણીની રીતો અંગે ચર્ચા કરીને કોડનો ઉપયોગ કર્યો હોવાનું પણ સામે આવી રહ્યું છે. હવે આ દિશામાં ફોરેન્સિક રિપોર્ટ્સ આવ્યા બાદ કેસમાં તપાસની વધારે મદદ મળી શકે છે. અગાઉ પણ ઘણાં કેસમાં એવું જોવા મળ્યું છે કે ફોરેન્સિક તપાસ બાદ કેસ વધારે મજબૂત બન્યો હોય આ કેસમાં વધુ ૬ લોકો, દિલ્હીની ક્રાઈમ એક્સપિરિયન્સ પ્રાઈવેટ લિમિટેડ નામની ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીને તપાસ માટે NCBની કસ્ટડીમાં લેવામાં આવી છે. મુંબઈ ક્રુઝ ડ્રગ કેસમાં અત્યાર સુધીમાં કુલ ધરપકડનો આંકડો વધીને ૧૬ થઈ ગયો છે ડ્રગ્સ કેસમાં ઝડપાયેલા શાહરુખ ખાનના દીકરા આર્યન ખાનની અન્ય અન્ય લોકોની કસ્ટડીમાં પૂછપરછ અને વધુ તપાસ કરવામાં આવી રહી છે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB)દ્વારા કેસના મૂળ સુધી પહોંચવા અને ડ્રગ્સ ક્યાંથી સપ્લાય કરવામાં આવી રહ્યું હતું તે અંગે વિવિધ તપાસ પણ કરવામાં આવી રહી છે. આ માટે NCB દ્વારા તપાસ માટે આર્યન ખાન સહિત અન્ય આરોપીઓના ફોન ગાંધીનગરની ફોરેન્સિક લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા છે. ફોરેન્સિક તપાસ માટે જાણીતી ગાંધીનીગરની ફોરેન્સિક લેબોરેટરીમાં આર્યન સહિત અન્ય આરોપીઓના ફોન મોકલવામાં આવ્યા છે. મહત્વનું છે કે NCB દ્વારા મુંબઈની કોર્ટમાં કરેલી રજૂઆત દરમિયાન વોટ્સએપ ચેટ્સ દ્વારા કેટલી મહત્વના પુરાવા મળવાની વાત કરી હતી. આ રેકોર્ડ્સની તપાસ કરીને ડ્રગ્સ ક્યાંથી આવ્યું અને કેટલા પ્રમાણમાં સપ્લાય કરવામાં આવતું હતું તેને લગતી વિવિધ માહિતી સામે આવી શકે છે. ફોરેન્સિક લેબમાં ફોનમાંથી મહત્વના કેસને લગતા રેકોર્ડ્સ એકઠા કરવામાં આવશે. આ રેકોર્ડના આધારે કેસની તપાસમાં વધુ મદદ મળી શકે છે.

હવે ખાનગી પાર્સિંગની કારના રીપાર્સિંગના ભાવમાં ધરખમ વધારો ક

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

દાહોદ શહેરમાં નવરાત્રીના ગરબા ગ્રાઉન્ડોને આખરી ઓપ અપાયો : ખેલૈયાઓમાં ઉત્સાહ

દાહોદ,

સાતમી ઓક્ટોમ્બરના રોજ એટલે કે, આજથી માં આદ્યાશકિત માં અંબેના નોરતો એટલે કે, નવરાત્રીનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. દાહોદ શહેર સહિત જિલ્લામાં આ વર્ષે સરકારની ગાઈડલાઈન પ્રમાણે નવરાત્રીનું આયોજન કરવામાં આવનાર છે. પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવાની તજવીજ હાથ ધરી દેવામાં આવી છે. ૪૦૦ ખૈલાયાઓની મર્યાદા વચ્ચે શેરી ગરબા, સોસાયટી ગરબા, ફ્લેટના ગરબાનું આયોજન કરવાનું રહેશે તેમ પણ દાહોદ શહેર પોલીસ મથકના પીએસઆઈ દ્વારા જાણવા મળી રહ્યું છે. ગરબા આયાજકો દ્વારા તૈયારીઓને આખરી ઓપ પણ અપાઈ ચુંક્યો છે. આ ઉપરાંત નવ દિવસ સુધી માંઈ ભક્તિ માતાજીની પુજા, અર્ચના, ભક્તિમય માહોલ વચ્ચે અને માંઈ ભક્તો ઉપવાસ સાથે નવરાત્રીની નવ દિવસ સુધી ઉજવણી કરશે.

કોરોના મહામારી વચ્ચે છેલ્લા બે વર્ષના સમયગાળા દરમ્યાન અનેક નાના મોટા તહેવારોના રંગમાં ભંગ જરૂર પડ્યો હતો પરંતુ ચાલુ વર્ષે તહેવારોમાં રમઝટ જામી છે. એક વર્ષના લાંબા સમયગાળા બાદ નવરાત્રીનું આયોજન થઈ રહ્યું છે. ખૈલેયાઓમાં પણ ઉત્સાહ સાથે થનગનાટ જોવા મળી રહ્યો છે. નવરાત્રીના પ્રારંભ સાથે તહેવારોની શરૂઆત થનાર છે અને તેમાંય ખાસ કરીને આ વર્ષે નવરાત્રીમાં રાજ્ય સરકાર દ્વારા આંશિક છુટછાટો આપવામાં આવતાં ગરબા રસીકોમાં આનંદની લાગણી છવાઈ છે. તો માત્ર શેરી ગરબા, સોસાયટીઓ અને ફ્લેટ વિસ્તારમાંજ ગરબા મહોત્સવનું આયોજન કરવાના રાજ્ય સરકારના નિર્ણય સાથે પાર્ટી પ્લોટ અને મોટા ગરબા મંડળોમાં નિરાશા પણ જોવા મળી હતી. ત્યારે વાત કરીએ દાહોદ શહેરની તો દાહોદ શહેરમાં પણ સરકારની કોરોના ગાઈડલાઈનના ચુસ્ત પાલન વચ્ચે ગરબાનું આયોજન થનાર છે. બે દિવસ અગાઉ દાહોદ શહેર ટાઉન પોલીસ મથકે ગરબા મંડળો સાથે એક મીટીંગનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં દાહોદ શહેર પોલીસ મથકના પી.એસ.આઈ. વસંત પટેલની ઉપસ્થિતમાં આ મીટીંગ યોજાઈ હતી. આ મીટીગમાં દાહોદ શહેરના ગરબા મંડળના આયોજકો ઉપસ્થિત રહ્યાં હતાં અને શેરી ગરબા, સોસાયટી અને ફ્લેટ ગરબામાં ૪૦૦ વ્યકિતઓની મર્યાદામાં ગરબાનું આયોજન કરવાનું રહેશે તેમ પોલીસ વિભાગ દ્વારા ગરબા મંડળોને સુચના આપી દેવામાં આવી છે. રાત્રીના ૧૨ વાગ્યા સુધી ગરબા ચાલુ રાખી શકાશે. સમયસર ગરબા શરૂ કરવાના રહેશે અને સમયસર ગરબા બંધ કરી દેવામાં આવશે. ગરબામાં પાર્ટીશીપેટોએ ડબલ ડોઝ વેક્સિનેશન લીધેલ હાવું જોઈએ. દાહોદ શહેરમાં પોલીસ બંદોબસ્તની વાત કરીએ તો જયાં જયાં રજીસ્ટ્રેશન કર્યું હતું. ત્યા ત્યાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવશે. સરકારની ગાઈડલાઈનનું ચુસ્તપણ પાલન કરવાનું રહેશે તેમ પણ જાણવા મળી રહ્યું છે. દાહોદ શહેરના બજારોમાં ખાસ કરીને ચણીયા ચોળી, ભાતીગળ આભુષો, સૌંદર્ય પ્રધાનો, પુજાપો, માં અંબેની પ્રતિમાઓ સહિત નોરતાને લગતી સામ્રગી ખરીદવા લોકોની ભીજ પણ જામી રહી છે.

દે.બારીયાના કાપરી બજાર જુગારધામ ઉપર સ્ટેટ મોનીટરીંગ ટીમે રેડ કરી ૭૫ હજારના મુદ્દામાલ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢબારીઆ નગરના કાપડી વિસ્તારમાં ગંજીફાના પાના પત્તા વડે તેમજ આંક ફરજ અને વરલી મટકાના રમાતાં જુગાર ધામ ઉપર ગાંધીનગરની સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ઓચિંતો છાપો મારતાં જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાયાં હતાં. પોલીસે ૨૮ ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી રોકડા રૂપીયા મળી કુલ રૂા.૭૫,૪૨૦નો મુદ્દામાલ કબજે કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. જેમાં ૨૦ જેટલા ઈસમોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યાં છે.

આજરોજ ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલ, ગાંધીનગરની ટીમને મળેલ બાતમીના આધારે, દેવગઢ બારીઆ નગરના કાપડી વિસ્તારમાં મળેલ બાતમીના આધારે ઓચિંતો મારતાં જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાયાં હતાં. જાણવા મળ્યાં અનુસાર, ગંજીફાના પાના પત્તા વડે જાહેરમાં જુગાર રમતાં જુગાર ધામ પર પ્રથમ રેડ કરી હતી અને સામેજ રમતાં આંક ફરક અને વરલી મટકાના જુગાર પર પણ રેડ કરતાં કુલ ૨૭ ઈસમો વિરૂધ્ધ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે. જેમાં મહોમંદ મજીદ ચાંદા, મુસ્તુફા લીયાકત પઠાણ, સલમાન ઉર્ફે જાવેદ જાકીરભાઈ શેખ, ગુલાબભાઈ કનૈયાલાલ મંગલાણી, જુનેદ જાકીરભાઈ શેખ, અજીત ઈસ્માઈલ રાતડીયા, અબ્દુલભાઈ આદમભાઈ રામાવાળા, મહેબુબ મહોમંદ કલંબદ જ્યારે વોન્ટેડ આરોપીઓ તરીકે સીકંદર સત્તાર રામાવાજા, સત્તાર ઉર્ફે બોખો અબ્દુલ્લા શુક્લા, સલીમ રસુલ બક્સાવાલા, સોહીલ સિરાજ મન્સુરી, વિનુ પાકિસ્તાની, ઈસ્માઈલ રસુલ ભીખા, ઈલુ સત્તાર પટેલ, યાકુલ સત્તાર રામા, સબીર સત્તાર રાતડીયા, મહોમંદ ઉર્ફે મડીયો સત્તાર યમાના, હનીફ સલીમ ભીખા, આમીર આદમ કલસોરીયા, યાકુબ યુસુફ જેતરા, ઈમરાન ઈબ્દુલ જેતરા, હુસેન મતારાવાળા, અબ્દુલ ઘાંચી, સમદ રાતડીયા, સત્તાર સલાટવાળા, હનીફ સત્તાર જેતરા તથા રેડ દરમ્યાન નાસી જનાર અન્ય ત્રણ નાસી જનાર ઈસમો વિરૂધ્ધ વિરૂધ્ધ ગાંધીનગર સ્ટેટ વિજીલન્સ ટીમે દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ઉપરોક્ત તમામ ઈસમો વિરૂધ્ધ જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સ્ટેટ મોનીટરીંગ સેલ, ગાંધીનગરની ટીમે જુગાર ધામ પરથી પાના પત્તા, અંગઝડતીમાંથી એ દાવ પરથી રોકડા રૂપીયા કુલ ૬૦,૧૨૦, બે મોબાઈલ ફોન, કેલ્યુલેટર, વિગેરે મળી કુલ રૂા.૭૫,૪૨૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

વધુમાં જાણવા મળ્યાં અનુસાર, ઉપરોક્ત ઈસમો અંદરો અંદર ભીડભાડ કરી, માસ્ક ન પહેરી પોતાની તેમજ અન્યની જીંદગી જોખમાંય અને કોરોના ગાઈડલાઈનો ભંગ કરી, ચેપ ફેલાવવાનું સંભત હોય તેમજ નજીક નજીકમાં બેસી સોશીયલ ડિસ્ટન્સનો પણ ભંગ કર્યો હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ છે.

દે.બારીયા ST ડેપોમાં મહિલા કન્ડકટરોને અન્યાય કરવામાં આવે છે ? તે કોણ રોકશે ?

દે.બારીયા,

દે.બારીયા એસ.ટી. ડેપોમાં લગભગ ૧૩ મહિલા કન્ડકટરો છેલ્લા પાંચ વર્ષથી નિમણૂંક કરવમાં આવી છે. ગુજરાતની સંવેદન અને ગતિશીલ સરકારે મહિલા સશકિતકરણના એક ઉદાહરણરૂપ ૩૩ ટકા અનામતની જગ્યાઓ રાખીને પોલીસ, મધ્યાહન ભોજન સંચાલક માટે બાલવાડીમાં આવા અનેક વિભાગોમાં મહિલાઓને તેમને પોતાની ફરજમાં અનુકુળતા રહે તેવી જગ્યાઓમાં ફરજ આપવી અને મહિલા સશકિતકરણના ઉદાહરણ સ્થપાયા છે. પરંતુ દે.બારીયા એસ.ટી.ડેપોનો એ.ટી.આઈ. લબાના મહિલા સશકિતકરણના ધજાગરા ઉડાવી રહ્યો છે.

મળતી માહિતી અનુસાર છેલ્લા પાંચ વર્ષથી ૧૩ મહિલા કર્મીઓ માંથી ચાર મહિલા કન્ડકટરો મહેસાણાના વતની છે. તેઓ આ મુજબ મુશ્કેલી છે કે, તેમને મહિને બે મહિને ઘરે પરિવાર પાસે જવું હોય તો તેઓની પાસે ઓફ રજા જમા રહેતી નથી. તો તેઓને કહેવું છે કે, અમને અમારા ઓફ રજામાં પરિવાર પાસે ઘરે ચાર – પાંચ દિવસ જમા થયેલા ઓફમાં આરામ થી પરિવાર સાથે સમય વિતાવી શકીએ આ અંગે ડેપોના મેનેજરને પણ અનેકવાર રજુઆત કરી છે. તેમ છતાં અમારી સમસ્યાનું નિવારણ ઓફમાં નોકરી આપીને જાણી સમજીને કરતા નથી. અને અમારા સહકર્મીઓને આરામ થી ઓફ રજામાં નોકરી મૂકી આપતા હોય છે. અને તેઓ ઓફ રજા ભોગવતા હોય છે. તો પછી અમને અન્યાય કેમ ? તેઓ લેવડદેવડ કરીને પતાવટ કરી રહ્યા છે કે શું ? તે તપાસનો વિષયનો પિસાયો છે. અમે આઉટ ડેપોના કારણે ચાર મહિલા કન્ડકટરોને ઘણો માનસિક ત્રાસ આપવામાં આવે છે. તેના માટે જવાબદાર કોણ તે સવાલ છે. પરિપત્રમાં પણ મહિલા કન્ડકટરોને ડે. આઉટ નોકરીની સુવિધા છે. તેમજ તેમને મુશ્કેલીના પડે તે મુજબની નોકરી આપવામાં આવે મહિલાઓનું આદર કરવાનું કોણ શીખવશે. આ એ.ટી.આઈ.ને જે કર્મીઓ દર માસે લેવડ દેવડનું વ્યવહાર કરે તેમને મન મુજબની નોકરી તથા ગાડી પણ સારી આપવામાં આવે છે. જેઓ વ્યવહાર કરતા નથી. તેમને સતામણી કરાતી હોય છે. મહિલા સશકિતકરણના સેમીનાર તથા ઈલેકટ્રોનિક મીડીયામાં ડેપો તમને દેખાવાનો મળે છે. તેમા ઘણી વાતો મોટી થાય છે. જ્યારે વાસ્તવિકતામાં દે.બારીયા ડેપોમાં ચાર મહિલા કર્મીઓને અન્યાય થઈ રહ્યો છે. અને એસ.ટી.ડેપો મેનેજર કચેરીના પદનાઅ ધિકારીઓ મહિલા સશકિતકરણના માટે સ્થળે આવી આ ચાર મહિલા કર્મીઓની મુશ્કેલીઓ સાંભળીને ન્યાય આપવાની તજવીજ હાથ ધરી મહિલા સશકિતકરણનું ઉદાહરણ પુરુ પાડે કે પછી કાયમ અન્યાય વેઠવાનોવારો આવશે ? તે આવનારો સમય કહેશે.

દાહોદ ગરબાડા ચોકડી પાઈપ લાઈન માટે ખોદવામાં આવેલ ખાડામાં બાઈક ચાલક ખાબકયો

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ ગરબાડા ચોકડી સ્થિત પાઈપ લાઈન નાંખવાની કામગીરી ચાલતી હતી અને આ કામગીરી છેલ્લા કેટલાંક સમયથી બંધ હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે આ સ્થળે ખોદવામાં આવેલ ઉંડા પાણી ભરેલ ખાડામાં એક મોટરસાઈકલ ચાલક ત્યાંથી પસાર થતાં અને અકમાતે આ ખાડામાં મોટરસાઈકલ સાથે પડી જતાં વિસ્તારમાં દોડધામના દ્રશ્યો સર્જાયા હતાં. સ્થાનીકો દ્વારા મોટરસાઈકલ ચાલકને ભારે જહેમત બાદ પાણી ભરેલ ખાડામાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.

દાહોદ શહેર માત્રને માત્ર સ્માર્ટ સીટીના નામના સાથેજ રહી ગયું છે. સ્માર્ટ સીટીના નામે છેલ્લા ઘણા સમયથી દાહોદ શહેરમાં ઠેક ઠેકાણે વગર પ્લાનીંગ, અધિકારી, કોન્ટ્રાકટરોના તાલમેલના અભાવે અને સુનીયોજીત આયોજનના અભાવે જ્યાં જુઓ ત્યાં આડેધડ સ્માર્ટ સીટીના નામ પાઈપ લાઈન નાંખવાની અને ગટર લાઈન નાંખવાની કામગીરીનું ખોદકામ કરી દેવામાં આવ્યું છે. મુખ્ય માર્ગોથી લઈ અનેક વિસ્તારોને ડાઈટઝન આપવામાં આવ્યાં છે. તહેવાર ટાણે લોકો હેરાન પરેશાન થઈ રહ્યાં છે. લોકોનો આક્રોશ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. ત્યારે આજે એક ઘટનાને પગલે એક મોટરસાઈકલના ચાલકો જીવ માંડ બચ્યો છે. જાણવા મળ્યાં અનુસાર, દાહોદ શહેરમાં આવેલ ગરબાડા ચોકડી બ્રિજ નીચે પાઈપ લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી હતી પણ અગમ્ય કારણોસર આ કામગીરી છેલ્લા ઘણા સમયથી બંધ હતી. આ સ્થળે ઉંચો ખાડો ખોદી દેવામાં આવ્યો છે. આ ખાડાની આસપાસ પતરા લગાવી દેવામાં આવ્યાં છે. આ સ્થળેથી એક મોટરસાઈકલ ચાલક ત્યાંથી પસાર થતાં અચાનક મોટરસાઈકલના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં મોટરસાઈકલ સાથે આ ખાડામાં ચાલક પડી ગયો હતો. આ ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યાં હતાં અને લોકોએ દોરડાની મદદથી અને કોઈક તરવૈયાએ ખાડામાં પડી મોટરસાઈકલ ચાલક સ્થાનીકોએ ભારે જહેમત બાદ બહાર કાઢયો હતો.

ઉપરોક્ત સમગ્ર ઘટનાને સંદર્ભે લાગતું વળગતું તંત્ર કેટલું જવાબદાર તે તો હવે જાહેર જનતાએ જ વિચાર કરવો રહ્યો. કારણ કે, હાલ દાહોદ શહેરની જે દિશા અને દશા છે. તેનાથી સૌ કોઈ અવગત છે. દાહોદ શહેરની પ્રજામાં હવે આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. આવનાર દિવસોમાં આ આક્રોશ પાલિકાના ઘેરાવોમાં તબદીલ ન થાય તેવા સંકેતો મળી રહ્યાં છે.

દાહોદમાં નીચી ગુણવત્તાની ખાદ્યવસ્તુઓનું વેચાણ કરતાં બે વેપારીઓ તેમજ ઉત્પાદકને દંડ ફટકાર્યો

દાહોદ,

દાહોદનાં નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોરે જિલ્લામાં નીચી ગુણવત્તાની ખાદ્યવસ્તુઓનું વેચાણ કરતાં બે વેપારીઓ તેમજ ઉત્પાદકને દંડ ફટકાર્યો છે. દાહોદની ખુશી નમકીનને રૂ. ૫ હજાર અને દેવગઢ બારીયાની મહાદેવ ડેરીને રૂ. ૩૦ હજાર તેમજ ઉત્પાદક પેઢી ગીરીરાજ વેફર્સને રૂ. ૩૦ હજારનો દંડ ફટકાર્યો છે.

દાહોદનાં દેવગઢ બારીયા તાલુકામાં આવેલી મહાદેવ ડેરી એન્ડ આઈસક્રીમ પાર્લર પરથી ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ફુડ સેફટી ઓફિસર પી.એચ. સોલંકીએ ઘીનો નમુનો પૃથક્કરણ માટે લીધો હતો. આ ઘીનો નમુનો નીચી ગુણવત્તાનો હોય ચકાસણીમાં અખાદ્ય જણાયો હતો. આ ઉપરાંત દાહોદ નગરપાલિકાના ફુડ સેફટી ઓફિસર પી.આર. નાગરાવાલાએ દરજી સોસાયટીમાં આવેલી ખુશી નમકીનમાંથી ગીરીરાજ કેળાની વેફર્સ પેકેટનો નમુનો પૃથક્કરણ માટે લીધો હતો. તે પણ મીસબાંન્ડેડ–અખાદ્ય જણાયો હતો. આ બંને કેસની ગંભીરતા જોતા નિવાસી અધિક કલેક્ટર એ મહાદેવ ડેરી અને આઈસક્રીમ પાર્લરને રૂ. ૩૦ હજાર અને ખુશી નમકીનને રૂ. ૫૦૦૦ તેમજ કામરેજ સુરત ખાતેની કેળા વેફર્સનું ઉત્પાદન કરતી ગીરીરાજ વેફર્સને રૂ. ૩૦ હજારનો દંડ ફટકાર્યો છે.

દાહોદના છાપરી ગામે કોઈ કારણસર ઈસમને લોખંડની પાઈપ તથા હોકીનો માર માર્યો

દાહોદ,

દાહોદ તાલુકાનો છાપરી ગામે વાવડી ગામે પંચાણા માંથી પરત આવી રહેલા ગામના તમને કોઈ કારણસર તેના જ ગામના કેટલાક ઈસમોએ લોખંડની પાઈપ તથા કોકીનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી તથા મારી નાખવાની ધાક ધમકી આપ્યાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર છાપરી ગામે તળાવ ફળિયામાં રહેતા બાબુભાઈ નનસુખભાઈ હઠીલા પરમ દિવસે પાવડી ગામે પંચાણા ગયા હતા અને રાતે ૦૮:૦૦ ના સુમારે પરત ઘરે આવ્યા હતા તે વખતે તેમના ગામના ગુલ મહોર ફળિયામાં અવિનાશભાઈ રાહુલભાઈ મેળા સુરેન્દ્ર કનૈયાલાલ સંગાડા તથા બીજા બે જણાએ અચાનક રોડ પર આવી કોઈ કારણસર બાબુભાઈ હઠીલાને બેફામ ગાળો બોલી અવિનાશભાઈ મેડા એ તેના હાથમાં લોખંડની પાઈપ બાબુભાઈ હઠીલાના કપાળના ભાગે મારી લોહી લુહાણ કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી જ્યારે સુરેન્દ્રભાઈ કનૈયાલાલ સંગાડા એ બાબુભાઈને બરડામાં તથા હાથ પર હોકીના ફટકા મારી ઈજાઓ પહોંચાડી હતી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સંબંધે છાપરી ગામ ના તળાવ ફળિયા ના કમલેશભાઈ નનસુખ ભાઈ હઠીલાએ નોંધાવેલ ફરિયાદને આધારે દાહોદ તાલુકા પોલીસે છાપરી ગુલમહોર ફળિયાના અવિનાશભાઈ, સુરેન્દ્ર કનૈયાલાલ તથા અન્ય બે ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દે.બારીઆના મોટીઝરી ગામે આંગણવાડી કેન્દ્રનું મકાન બન્યા બાદ પણ હાલાકી ચથાવત

પીપલોદ,

દે.બારીઆ તાલુકાના મોટીઝરી ગામની હાઈસ્કુલ ફળિયા આંગણવાડી કેન્દ્રનુ વર્ષો જુનુ મકાન મંજુરી લઈ તેને તોડી પાડી આ જગ્યાએ અદ્યતન સુવિધાવાળુ નવીન મકાન છેલ્લા બે વર્ષથી બનાવવામાં આવેલ છે.

મોટીઝરી કેન્દ્રમાં ભણતા આંગણવાડીના નાના ભુલકાઓ છેલ્લા ચારેક વર્ષથી નજીકના એક રહેણાંક ઘરે બેસતા હોય છે. કોન્ટ્રાકટરની ઢીલી નિતીના કારણે આ મકાન અધવચ્ચે કામગીરી અટકી પડી અને ફરીથી બીજી એજન્સીને કામગીરી સોંપવામાં આવી અને મકાન પુરૂ કરવામાં આવ્યુ. લગભગ છેલ્લા છ માસથી આ નવીન મકાન તૈયાર થઈ અને જાણે કે કોરોના વાયરસનુ ગ્રહણ લાગ્યુ હોય તેમ બંધ હાલતમાં યોગ્ય જાળવણીના અભાવે બંધ પડ્યુ છે. આજુબાજુની ઝાડી–ઝાંખરા અને અન્ય વનસ્પતિ ઉગી નીકળી છે. સરકારના લાખો રૂપિયાના ખર્ચે બનાવેલ મકાન કયા કારણોસર બંધ પડ્યુ છે તેની કોઈને ખબર નથી.આજે આ આંગણવાડી કેન્દ્રમાં નાના ભુલકાઓ મકાન તૈયાર હોવા છતાં પણ બેસી શકતા નથી.

ઝાલોદ ખાતેનાં નવનિર્મિત ઓક્સિજન પ્લાન્ટનો ઈ-લોકાર્પણ કાર્યક્રમ યોજાશે

દાહોદ,

ઝાલોદની સબડિસ્ટ્રીક્ટ હોસ્પીટલ ખાતેનાં નવનિર્મિત ઓક્સિજન પ્લાન્ટના ઈ–લોકાર્પણ કાર્યક્રમમાં રાજ્યમંત્રી જીતુભાઈ ચૌધરી ઉપસ્થિત રહેશે. તેઓ આગામી તા. ૭ ઓકટોબરને ગુરૂવારના રોજ ઝાલોદ ખાતે સવારે ૧૦ વાગે યોજાનારા કાર્યક્રમ માટે જિલ્લાની મુલાકાત લેશે અને ઝાલોદ ખાતે પીએમ કેર્સ અંતર્ગત તૈયાર કરવામાં આવેલા પી.એસ.એ. ઓક્સિજન પ્લાન્ટના ઈ–લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

ફતેપુરા તાલુકાના બે પ્રા.શાળાના આચાર્યોએ સરકારી રેકર્ડ પર ગેરમાર્ગે દોરતો અહેવાલ આપતા સસ્પેન્ડ કરાયા

સુખસર,

ફતેપુરા તાલુકાની આફવા પ્રાથમિક શાળા અને પાંચ મહુડા પ્રાથમિક શાળામાં વધઘટના કેમ્પ દરમિયાન શિક્ષકોની વધ હોવાનો રિપોર્ટ અપાયો હતો. ત્યારબાદ જિલ્લા ફેરબદલી કેમ્પમાં આ બંને શાળાઓમાં જગ્યા ખાલી હોવાનો અહેવાલ મોકલવામાં આવ્યો હતો. જેમાં અન્ય જિલ્લાઓમાંથી બે શિક્ષકોએ શાળાઓ પસંદ કરી શાળાઓ ઓર્ડર લીધો હતો. જેમાં જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી મયુર પારેખ દ્વારા તપાસ દરમિયાન આ બંને શાળાઓમાં ગેરરિતી થઈ હોવાનો પર્દાફાશ થયો હતો. જે બાબત જિલ્લા પંચાયત પ્રમુખ શિતલ કુમારી વાઘેલા દ્વારા તટસ્થ તપાસ કરવાના આદેશ કરાયા હતા. તપાસ દરમિયાન સરકારી રેકર્ડ સાથે ચેડા કરી શિક્ષણ વિભાગને ગેરમાર્ગે દોરવામાં આવ્યુ હોવાનુ જણાઈ આવ્યુ હતુ. જેથી તમામ અહેવાલ જિલ્લા કક્ષાએ મોકલી અપાયો હતો જેમાં બે શિક્ષિકાઓને તાલુકા બહાર બદલી કરી ઈજાફો બંધ કરવાની કાર્યવાહી કરાઈ હોવાનુ પણ જાણવા મળ્યુ હતુ. જયારે આફવા પ્રા.શાળાના આચાર્ય રમેશભાઈ પટેલ અને પાંચ મહુડા પ્રા.શાળાના આચાર્ય જશવંતભાઈ પટેલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો હતો. આચાર્યોને સંજેલી અને ધાનપુર ખાતે બદલી કરી દેવાઈ હોવાનુ જાણવા મળ્યુ હતુ.

ફતેપુરા નગરમાં ડેંગ્યુનો હાહાકાર આરોગ્ય વિભાગ નિષ્ક્રિય નગરમાં ફોગીંગ કે સર્વે કરવામાં આવતું નથી

સ્થાનિક આરોગ્ય કેન્દ્રમાં પુરતી સારવારના અભાવે દર્દીઓ બહારના ખાનગી દવાખાનાઓમાં જવા મજબૂર બન્યા છે

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં કેટલાક વહીવટી તંત્રો મનમાની ચલાવી રહ્યા હોવા છતાં ઉચ્ચ તંત્રો દ્વારા આંખ આડા કાન કરવામાં આવતા હોય પ્રજાને મૂંગા મોઢે સહન કર્યા સિવાય છૂટકો નથી. પછી તેમાં સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ હોય કે આરોગ્ય સેવાઓ ! પરંતુ તમામ જગ્યાએ અન્યાય કરવામાં આવતો હોવાનું જોવા અને સાંભળવા મળે છે. ત્યારે તાલુકામાં સરકારના નિયમો મુજબ વહીવટી તંત્રો વહીવટ ચલાવે તે આવશ્યક છે.

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા નગરમાં ડેન્ગ્યુના રોગે નગરને ભરડામાં લીધું છે. આજે તારીખ ૬ ઓક્ટોબર ૨૦૨૧ ની પરિસ્થિતિએ ફતેપુરા નગરમાં સંખ્યાબંધ ડેન્ગ્યુના કેસો જોવા મળી રહ્યા છે. ફતેપુરા નગરના અલગ–અલગ વિસ્તારોમાં ડેન્ગ્યુના રોગે પગ પેસારો કર્યો છે. જેમાં આરોગ્ય વિભાગની નિષ્ક્રિયતાને કારણે ગ્રામજનોને ખાનગી હોસ્પિટલોમાં સારવાર કરાવાનો વારો આવ્યો છે.જેમાં ફતેપુરા માંથી અમુક લોકોને સંતરામપુર, દાહોદ, વડોદરા, અમદાવાદ, લુણાવાડા જેવા શહેરોની ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હોવાનું જાણવા મળે છે. ફતેપુરા તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા ફતેપુરા નગરમાં કોઈપણ જાતનું સર્વે કરવામાં આવતું નથી. તેમજ ફતેપુરામાં નોંધાયેલા ડેન્ગ્યુના કેસ વિસ્તારમાં કે આજુબાજુના વિસ્તારોમાં ફોગિંગ પણ કરવામાં આવતું નથી. જો ફતેપુરા તાલુકા આરોગ્ય વિભાગ સત્વરે નક્કર કામગીરી કરીને સર્વે કરીને ચોક્કસ પગલાં લઈને નગરના અલગ–અલગ વિસ્તારોમાં ફોગિંગ અથવા ધુમાડિયું અથવા તો લોક સંપર્ક કરીને ડેન્ગ્યુના કેસો વિશે માહિતી નહીં મેળવે તો નજીકના ભવિષ્યમાં ફતેપુરા નગરમાં ડેન્ગ્યુના કેસોમાં ઉછાળો આવવાની ગંભીર શક્યતાઓ જોવાઈ રહી છે. ત્યારે મચ્છરજન્ય અને પાણીજન્ય રોગો કાબુ બહાર જાય એ પહેલા આરોગ્ય તંત્ર કુંભકર્ણની નિદ્રા છોડી સત્વરે પગલા લે તે જરૂરી જણાય રહ્યું છે.

દાહોદ જિલ્લાના આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા

આઉટસોર્સિંગ કર્મચારીઓને બે મહિનાથી પગાર નહીં ચૂકવવામાં આવતા કર્મચારીઓની હાલત કફોડી

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લા આરોગ્ય વિભાગમાં આઉટસોર્સિંગ એજન્સી મારફતે ફરજ કર્મચારીઓને એજન્સી દ્વારા છેલ્લા બે મહિનાથી પગારની ચૂકવણી કરવામાં આવી નથી જેમાં આરોગ્ય વિભાગના મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ વર્કર તેમજ પટાવાળા સહીત ના અંદાજીત ૪૦૦ જેટલા કર્મચારીઓને બે મહિનાથી પગાર નહિ મળતા આ કારમી મોઘવારીમા પરીવારનુ ગુજરાન ચાવવુ મુશ્કેલ બન્યુ છે, આરોગ્ય વિભાગ ના અધિકારીઓને વારંવાર રજુ આત કરવા છતા કોઈપણ પ્રકારની કાર્યવાહી આજદિન સુધી કરવામા આવી નથી, આઉટસોર્સિંગ કોન્ટ્રાકટ એજન્સી એમ.જે. સોલંકી દ્વારા પણ કર્મચારીઓને ઉડાઉ જવાબ આપવામા આવે છે, એજન્સી દ્વારા પગાર બાબતે હાથ ઉંચા કરી દેતા કર્મચારીઓની મુંઝવણ મા વધારો થયો છે, એજન્સી પગાર બાબતે જવાબદારી લેવા માટે તૈયાર નથી, આ આરોગ્ય વિભાગ ના આઉટસોર્સિંગ કર્મચારીઓએ પણ કોરોનાની મહામારીમા રાત દિવસ ખુબ જ નજીવા વેતનમાં પોતાના જીવનની ચિંતા કર્યા વગર ઈમાનદારીથી પોતાની ફરજ બજાવી છે, ત્યારે હવે આઉટસોર્સિંગ કર્મચારીઓ પગાર માંગે તો કોની પાસે માગે તે પણ એક યક્ષ પ્રશ્ન બની ગયો છે, અધિકારીઓ દ્વારા એજન્સી ના માથે ખો આપવામા આવે છે અને એજન્સી અધિકારીઓને ખો આપી રહી છે, અધિકારીઓ અને એજન્સીની ખો–ખોની રમતથી આરોગ્ય વિભાગના આઉટસોર્સિંગ કર્મચારીઓની હાલત કફોડી બની છે ત્યારે રાજ્ય સરકાર આ બાબતે યોગ્ય પગલા લઈ કર્મચારીઓને પગાર મળે તે બાબતે યોગ્ય કાર્યવાહી કરે તે જરૂરી બન્યુ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.39

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

આતો કેવી લાલીયાવાડી.....મોરવા(હ) તાલુકાના છેવાડાના વિસ્તારની

ગ્રામ પંચાયતોમાં કેટલાક તલાટીઓની ચાલતી મનમાની અને અનિયમિતતાથી ગ્રામજનોમાં ભભૂક્યો રોષ

ડીજીટલ યુગમાં ગુલ્લીબાજ તલાટીઓના પરાક્રમોથી ગ્રામજનો વિકાસ થી થઈ રહ્યા છે વંચિત

તલાટી હાજર ન રહેતા ગ્રામજનોના કામો અટવાયા

તલાટીની ખુરશી ખાલી.....

હાજર રહેવાના દિવસે પણ ગેરહાજર

મોરવા(હ) ના આંતરિયાર્ડ ગામો વિકાસ થી વંચિત

- હારેડા અને રતનપુર(મે) પંચાયતમાં મહિલા તલાટીના બદલે તેઓના પતિ દ્વારા થઈ રહ્યો છે વહિવટ .....?
- દેલોચ અને વાલૈયા પંચાયતના ગ્રામજનોને તલાટીના દુર્લભ બન્યા દર્શન.
- દેલોચના તલાટીનું રાજકીય સત્તાધિશો સાથે સાંઠગાંઠથી ગ્રામજનોમના કામ અટવાયા.
- ગ્રામ પંચાયતમાં કામ અર્થે આવતા તલાટી કમ મંત્રી ન મળતા ગ્રામજનોનો સમય વેડફાય છે.

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના અંતરીયાળ ગામો જેવાં કે, હારેડા, રતનપુર (મે), વાલૈયા અને દેલોચ ગામના તલાટી કમ મંત્રીની અનિયમિતતા અને તેઓની મનસ્વી વહીવટ થી ગ્રામજનો અને અરજદારો ત્રાહીમામ પોકારી રહ્યા છે. મોરવા(હ) તાલુકામાં આવેલ હારેડા, રતનપુર(મે), વાલૈયા, દેલોચ ગામના ગ્રામજનો પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા માટે ખેતી કામ તેમજ પશુપાલનનો વ્યવસાય કરે છે. જેથી આ ગ્રામજનોને વારંવાર પોતાના કામ અર્થે તલાટી કમ મંત્રી પાસે જવું પડતું હોય છે. પરંતુ જયારે આ ગ્રામજનો કે અરજદારો પોતાનું કામ લઈને ગ્રામ પંચાયતમાં જતા હોય છે. ત્યારે તલાટી કમ મંત્રીના કાર્યાલયને ખંભાતી તાળાં મારેલા જોવા મળે છે. તો ક્યાંક ગ્રામ પંચાયતમાં ઈ–ગ્રામ અંતર્ગત કોમ્પ્યુટર ઓપરેટર પોતાનું કામ કરતા હોવાનું જોવા મળે છે. એવા ગ્રામ પંચાયત કચેરીમાં તલાટી કમ મંત્રીની ખુરશી ખાલી જોવા મળે છે. કેમ કે તલાટી કમ મંત્રી પોતાના સેજા પર હાજર જોવા મળતાં નથી. તેના કારણે અરજદારો ગ્રામ પંચાયત કચેરી બહાર તલાટી કમ મંત્રી મહાશયોની તાકીને રાહ જોતા રહે છે. પરંતુ ગુલ્લેબાજીમાં માહિર બની બેઠેલા અને પોતાની ફરજનું ભાન ભૂલી ગયેલ તલાટી કમ મંત્રી પોતાની સેજા પર હાજર ન રહેવાથી અરજદારોને હતાશ થઈ પરત ફરવાનો વારો આવે છે. તો કેટલાક અરજદારોને નાનકડા કામો માટે પણ ગ્રામ પંચાયત કચેરી ખાતે ધરમના ધક્કા ખાવાનો વારો આવે છે. જેના કારણે ગ્રામજનોમાં આવા બેફામ બનેલા તલાટી કમ મંત્રીઓ સામે આક્રોશ જોવા મળી રહ્યો છે. ત્યારે સંબધીત ઉચ્ચ અધિકારીઓ જાણવા છતાય અજાણ બની રહ્યા હોવાનું દેખાઈ છે.

પંચમહાલ જીલ્લામાં કુલ ૫૦૧ ગ્રામ પંચાયત આવેલ છે. તેના સામે ૩૪૫ જેટલા તલાટી કમ મંત્રીઓ ફરજ બજાવી રહ્યા છે. જીલ્લામાં તલાટી કમ મંત્રીઓની અછત હોવાના કારણે કેટલાક તલાટી કમ મંત્રીઓને બે થી ત્રણ પંચાયતોનો વહીવટ આપવામાં આવે છે. જેના કારણે જીલ્લાવાસીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તેમાં કેટલાક તલાટી કમ મંત્રીઓ પોતાની ફરજને નૈતિકતા થી બજાવી રહ્યા છે. અને ગામડાઓના લોકોને પડતી મુશ્કેલીને દુર કરી તેઓના વિકાસલક્ષી કામોને પ્રાથમિકતા અને નિયમીતતા થી કરી રહ્યા છે. તેવા તલાટી કમ મંત્રીઓના વખાણ લાયક કાર્ય પદ્ધતિથી ગ્રામજનોમાં પણ ચાહના વધી ગઈ છે. પરંત કેટલાક તલાટી કમ મંત્રીઓ વધારાની પડતી ગ્રામ પંચાયતના વધારે કાર્યનું બહાણું બતાવી અને પોતાને બહુ કામ હોવાનું કારણ આગળ કરી સેજા પર નિયમિત હાજર રહેતા નથી. તેવું જોવા મળી રહ્યું છે. તેનું ઉત્તમ ઉદાહરણ જોવા મળે છે. મોરવા(હ) તાલુકાના અંતરીયાળ વિસ્તારોમાં આવેલ ગ્રામ પંચાયતોમાં. મોરવા(હ) તાલુકાના કેટલાક ગામો અંતરીયાળ વિસ્તારોમાં આવેલા છે. જયાં આજના કહેવાતા ડીજીટલ યુગમાં એસ.ટી.બસની પણ સુવિધા નથી. એવા ગામડાઓના લોકોને તલાટી કમ મંત્રીની કઈંક કાગળ પર સહી –સિક્કા કે દાખલાઓ લેવાના હોય તો તેઓને એક ગામ થી બીજા ગામે ચાર થી પાંચ કિલો મીટર ચાલીને જવું પડે છે. પરંતુ ગ્રામ પંચાયત કચેરી ખાતે તલાટી કમ મંત્રીની અનઉપસ્થિતી જોવા મળે છે. ત્યારે ગામડાના અભણ અને ગરીબ લોકો ભારે મુંઝવણમાં મુકાઈ જાય છે અને તલાટી કમ મંત્રીની આખો દિવસ રાહ જોતાં બેસી રહેવું પડે છે. પરંતુ પોતાની ફરજનું ભાન ભુલી ગયેલા અને ફરજ દરમ્યાન ગુલાટી મારવાના શોખીન બનેલા તલાટી કમ મંત્રી પોતાના સેજા પર આવતા ન હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. તાલુકાની કેટલીક ગ્રામ પંચાયતની ઓફિસો ખુલ્લી હોય છે અને તે કાર્યાલયોમાં ઈ–ગ્રામ ઓપરેટરો પોતાનું કામ કરતા હોય છે. ત્યારે તેઓને તલાટી કમ મંત્રી ક્યારે આવશે તેમ પૂછતાં તેઓ દ્વારા નકકી કરેલ એક જ જવાબ અરજદારને મળતો હોય છે કે ગ્રામ પંચાયત કચેરી ખાતે તલાટી કમ મંત્રી નિયમીત રોજેરોજ આવે છે પણ આજે કામ અર્થે રોકાયેલા છે અને થોડીવારમાં આવશે તેવું આશ્વાસન આપીને અરજદારોને પંચાયતના દરવાજે બેસાડી રાખતા હોય છે. પરંતુ તલાટી કમ મંત્રી જાણે પંચાયત કચેરીને બોડી બામણીનું ખેતર સમજતા હોય તેમ પંચાયત કચેરીમાં હાજર રહેતા નથી હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. અને તલાટી કમ મંત્રીની અનિયમિતતા ઉડીને આંખે વળગે તેવી બની છે. મોરવા(હ) તાલુકાના અંતરીયાળ ગામોમાં આવેલા હારેડા, રતનપુર(મે), દેલોચ અને વાલૈયા ગામડાંની સ્થિતી કંઈક એવી જ હોવાનું દેખાઈ રહ્યું છે. અંતરીયાળ વિસ્તારમાં આવેલ હારેડા અને રતનપુર(મે) ગામો ડુંગરાળ વિસ્તારમાં અને તાલુકાના છેવાડે આવેલા છે. અને આ બે ગ્રામ પંચાયતો વચ્ચે એક તલાટી કમ મંત્રી હોવાનું ગ્રાજનો જણાવી રહ્યા છે. ગ્રામજનો દ્વારા કહેવામાં આવી રહ્યું છે કે, તેના તલાટી કમ મંત્રી ખાલી નામનાં જ છે. કેમકે તેઓના સ્થાને તલાટી કમ મંત્રીના પતિ દ્વારા બે ગામની કામગીરી કરવામાં આવી રહી હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. શું આ સત્ય છે ..? હારેડા ગામ તાલુકાના છેવાડામાં આવેલ છે. આ ગામમાં જવા માટે કોઈપણ પ્રકારની એસ.ટી.બસની સુવિધા નથી. તેમજ તેના ગ્રામજનો જણાવી રહ્યા છે કે, હારેડા ગ્રામ પંચાયત કચેરીમાં તલાટી કમ મંત્રી ક્યારેય પણ હાજર રહેતા નથી. જેના કારણે ગામના અરજદારોને કામ અર્થે ચાર થી પાંચ કિલોમીટર દુર આવેલ રતનપુર (મે) ગ્રામ પંચાયત કચેરી ખાતે ચાલીને જવું પડે છે. પરંતુ આ પંચાયત પર તલાટી કમ મંત્રી ક્યારે હાજર હોય છે તેની ખબર અરજદારોને ન હોવાના કારણે તેઓને પણ તલાટી કમ મંત્રીનું દુર્લભ દર્શન મળે છે. અને કામ થયા વગર હારેડા ગામના અરજદારોને રોજેરોજ ધરમના ધક્કા ખાવા પડતા હોય છે. હારેડા અને રતનપુર(મે) ગામના ગ્રામજનોનું જે પણ કામ કરવું હોઈ ત્યારે તેઓને તલાટી કમ મંત્રીના પતિને ફોન કરવો પડતો હોવાનો ગ્રામજનોમાં ચર્ચાઈ રહ્યું છે. ગ્રામજનો જણાવી રહ્યા છે કે, અમારા ગામના લોકોને કોઈપણ કામ પડે અને તે કામ માટે તલાટી કમ મંત્રીના પતિને ફોન કરે ત્યારે તલાટી કમ મંત્રીના પતિ અરજદાર જોડે ઉદ્ધતાઈભર્યું વર્તન ભરી કામ કરાવું હોય તો તમે રતનપુર(મે) ગ્રામ પંચાયત કચેરી ખાતે આવો. તેમ કહેવામાં આવે છે. જેના કારણે ગ્રામજનોમાં તલાટી કમ મંત્રી અને તેઓના પતિના મનમાની થી રઝળપાટ પોકારી રહ્યા છે. ત્યારે મોરવા(હ) તાલુકા વિકાસ અધિકારી દ્વારા હારેડા અને રતનપુર(મે) ના મહિલા તલાટીની ચાલતી મનમાની અને અનિયમીતતાની નિષ્પક્ષ તપાસ કરીને કડકમાં કડક કાર્યવાહી કરે તે જરૂરી બન્યું છે.

તો બીજી તરફ મોરવા(હ)ના વાલૈયા અને દેલોચ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી ક્યારે પંચાયત કચેરી આવે છે અને ક્યારે રફુચક્કર થતા હોય છે. તેની ખબર ગ્રામજનો પડતી નથી, હોવાનું સ્થાનિક જણાવી રહ્યા છે. કારણ કે, અરજદારો તલાટી કમ મંત્રીને મળવા માટે જતા હોય ત્યારે પંચાયતમાં મળતા નથી. જેને લઈ ગ્રામજનો અને અરજદારોના કામો ટલ્લે ચડતા હોવાનું સામે આવી રહ્યું છે અને યોજનાકીય લાભ મેળવવા માટે વાલૈયા તેમજ દેલોચ ગામના ગ્રામજનોને મુશ્કેલીઓ વેઠવી પડે છે. ગ્રામજનોમાં ચર્ચાઈ રહ્યું છે કે, વાલૈયા અને દેલોચના તલાટી કમ મંત્રી રાજકીય તેમજ સત્તાધિશો સાથે ઘોરબો ઘરાવતા હોઈ આ તલાટી કમ મંત્રી દિવસ દરમ્યાન પોતાની સેજા પર પંદર થી વીસ મીનિટ આવી પોતાની મોટર સાયકલ લઈ રફુચક્કર થાય છે. અને ગ્રામજનો કામ માટે તલાટી કમ મંત્રીને ફોન કરે ત્યારે ઓફિસના કામ માટે તાલુકા પંચાયત કે જીલ્લાના મથકે કામ અર્થે ગયા હોવાનું બહાણું બતાવી અરજદારોના કામો ટલ્લે ચડાવી રહ્યા હોવાની વાતો મળી રહી છે. ત્યારે કેટલાક ગ્રામજનો સ્થાનિય સત્તાધિશોના બીકના કારણે પોતાનું નામ બહાર ન પાડવાનું જણાવી રહ્યા છે કે, અમારા ગામના તલાટી કમ મંત્રી ગ્રામજનોનું કામ ઓછું કરે છે. પણ સત્તાધીશોમાં બેઠેલા નેતાઓનું કામ કરવા માટે પોતે પંચાયત છોડી તેઓના કામ અર્થે દોડધામ કરતા હોવાનું જણાવી રહ્યા છે.

તો કેટલાક તલાટીઓ પોતાની પંચાયત પર બપોરના એક કે બે વાગ્યા સુધી હાજર રહી ત્યાર પછી પંચાયત બંધ કરી અને મોરવા(હ) તાલુકા પંચાયતની કચેરીમાં મોટાભાગનો સમય પસાર કરતા હોય છે. આવું ગ્રામજનો આક્ષેપ કરી રહ્યા છે. તલાટી કમ મંત્રીની અનિયમિતતા અંગે અવાર–નવાર રજુઆત કરવામાં આવતી હોય છે. તેમ છતાં આવા ફરજ પ્રત્યે અનિયમિતતા દાખવતા તલાટી કમ મંત્રીઓ સામે તાલુકા વિકાસ અધિકારી દ્વારા તપાસ કરીને કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે. જો અનિયમિત તલાટી કમ મંત્રીઓ સામે કાર્યવાહી થાય તેમજ મહિલા તલાટીના સ્થાને પતિ સરકારી વહીવટ ચલાવી રહ્યા હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. તેની તપાસ કરીને ગ્રામજનોને તલાટી કમ મંત્રી કચેરીમાં નિયત દિવસોમાં હાજર રહે તેવી કાર્યવાહી કરવામાં આવે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

ગોધરા સ્ટેશન રોડ ગુટકા વેપારીને ત્યાં CGSTના સર્વેમાં શંકાસ્પદ કામગીરી

ગોધરા,

ગોધરા શહેરના સ્ટેશન રોડ ઉપર આવેલ ગુટકાના જથ્થા વેપારી પેઢીઓ ઉપર જીએસટી વિભાગે સર્ચ હાથ ધરવામાં આવ્યું. બંધ બારણે કરેલ સર્વેની કામગીરી સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે.

ગોધરા શહેરના સ્ટેશન રોડ ઉપર આવેલ ગુટકાના જથ્થાબંધ વેપારી પેઢીઓ ઉપર વહેલી સવારે જીએસટી સર્વે કામગીરી હાથ ધરાઈ હતી. સર્વે દરમિયાન સેન્ટ્રલ જીએસટીની શંકાસ્પદ કામગીરી અંગે સવાલો ઉઠી રહ્યા છે. જીએસટી અધિકારીઓ દ્વારા બંધ બારણે કરવામાં આવેલ સર્વે અંગે મીડીયા દ્વારા સવાલો પુછવામાં આવતાં જીએસટી કર્મચારીઓ જવાબ આપ્યા વગર કારમાં બેસીને ચાલ્યા ગયા હતા. સ્ટેશન રોડ ખાતે આવેલ ગુટકાની વેપારી પેઢી ઉપર છ મહિના અગાઉ પણ જીએસટી દ્વારા સર્ચ કરવામાં આવ્યું હતું.

ગોધરા PT મીરાણી સદ્ધવિચાર પરિવાર દ્વારા રાહત દરે ઈન્ટેસીવ કેર યુનિટ ICUનું લોકાપર્ણ કરાશે

તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

ગોધરા ના દાહોદ રોડ પર વર્ષો થી કાર્યરત અને પંચમહાલમાં નજીવા દરે દર્દીઓને સારવાર આપતી સંસ્થા પીટી મીરાણી સદ્ધવિચાર પરીવાર દ્વારા આગામી રવિવારે તા ૧૦મીના રોજ કરોડ રૂપિયા થી વધુ ખર્ચ તૈયાર થયેલ ઇન્ટેસીવ કરે યૂનીટ,આઈસીયુનું લોકપર્ણ કરવામાં આવનાર છે. આઈસીયુમાં મોટો શહેરોની સરખામણીમાં નજીવા દરે જરૂરીયાતમંદ દર્દીઓને સારવાર આપવામાં આવશે.

ગોધરાના દાહોદ રોડ પર વર્ષો થી કાર્યરત પીટી મીરાણી સદ્ધવિચાર પરિવાર નામની સંસ્થામાં હાલમાં ખુબ જ નજીવા દરે આઈ કેર યુનીટ ડાયાલીસીસ સેન્ટર, મેટરનીટી સેન્ટર, ફીજીયો થેરાપી સેન્ટર, મેટરનીટી સેનટર, બ્લડ ટેસ્ટીગ લેબોરેટરી, ડેન્ટલ સર્જરી સેન્ટર, એકસરે સેન્ટર સાથે જરૂરીયાતમંદ દર્દીઓને સારવાર આપવામાં આવતા રોજબરોજ મોટી સંખ્યામાં પંચમહાલવાસીઓ લાભ લે છે. આ સંસ્થામાં દર્દીઓને આશીર્વાદ ટ્રસ્ટી ગણની પ્રામાણીકતા અને રોટરી કલબ જેવી ઈન્ટરનેશનલ સંસ્થાના દાન દ્વારા વધુ એક સોપાનનાં ભાગરૂપે બાર બેડ ની સુવિધા તથા બે વેન્ટિલેટર, એક પોર્ટેબલ વેન્ટિલેટર, શોક મશીન, બાયપેપ મશીન, ઈસીજી ઈકો મશીન તથા અન્ય આધુનિક મેડીકલ સાધનો સાથે ઈન્ટેનસીવ કેર યુનીટ આઈ સીયુ સેન્ટરનું નીર્માણ કરી આગામી તા ૧૦/૧૦/૨૧ ને રવિવારના રોજ જનતાનાં લાભાર્થે ખુલ્લું મુકવામાં આવશે. આઈ સીયુ સેન્ટર શરૂ કરવામાં માટે રોટરી કલબ દ્વારા રૂપિયા પચાસ લાખનું દાન જનસેવાનાં કાર્ય માટે આપવામાં આવેલ છે. ગોધરાના સદ્ધવિચાર પરિવાર સંસ્થામાં ખુબ જ ટુંક સમયમાં અન્ય મોટા શહેરોની સરખામણીમાં ખુબ નજીવા દરે હાર્ટ એટેકનાં દર્દીઓ તથા અન્ય જરૂરીયાતમંદ દર્દીઓ આ આઈસીયુ સેન્ટરનો લાભ લઈ શકશે તેમ પ્રમુખ વિનોદભાઈ શાહ અને પ્રકાશભાઈ દીક્ષિત એ જણાવ્યું હતું.

વડોદરાના દુષ્કર્મ કેસના આરોપી રાજુ ભટ્ટને જેલમાં ધકેલાયો

ગોધરા,

વડોદરા શહેરના ચકચારી ગોત્રી દુષ્કર્મ કેસમાં આરોપી અશોક જૈન હજુ પણ ફરાર છે. તેને શોધવા પોલીસે એડીચોટીનું જોર લગાવી દીધુ છે પણ હજુ સુધી તે હાથમાં આવ્યો નથી.અશોક જૈનને ઝડપી પાડવા પોલીસની ૨ ટીમોએ રાજસ્થાન અને યુપીમાં ધામા નાખ્યા છે. એકતરફ અશોક જૈનની આગોતરા જામીન અરજીની કાયદાકીય પ્રક્રિયા ચાલી રહી છે..જ્યારે બીજીતરફ પોલીસ અશોક જૈનની શોધખોળ કરી રહી છે. પોલીસે તેના આશ્રય સ્થાનોની માહિતી મેળવતા, તે રાજસ્થાન અથવા ઉત્તરપ્રદેશમાં હોવાનું જાણવા મળ્યું હતુંવડોદરાના ગોત્રી દુષ્કર્મ કેસના આરોપી રાજુ ભટ્ટને જેલમાં ધકેલાયો છે. રાજુ ભટ્ટના રિમાન્ડ પૂર્ણ થતા આજે ક્રાઈમ બ્રાન્ચે તેને કોર્ટમાં રજૂ કર્યો હતો.. જ્યાં ક્રાઈમ બ્રાન્ચે વધુ રિમાન્ડની માંગ ન કરતા કોર્ટે તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો આદેશ કર્યો હતો..મહત્વનું છે કે રાજુ ભટ્ટ જૂનાગઢથી ઝડપાયો હતો. પોલીસે ૩ દિવસના રિમાન્ડ મેળવી રિકન્સ્ટ્રકશન સહિતની તપાસ કરી હતી. રિમાન્ડ પૂરા થતાં તેના વધુ ૩ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા અને ઉંડાણપૂર્વક સમગ્ર મામલાની પૂછપરછ કરી હતી. આજે તેના ૩ દિવસના રિમાન્ડ પૂરા થતાં પોલીસ તેને અદાલતમાં રજૂ કર્યો હતો.

યાત્રાધામ પાવાગઢમાં આસો નવરાત્રી પર્વને ધ્યાનમાં લઈ પાંચ થી વધારે જાહેરનામાં પ્રસિદ્ધ

ગોધરા,

આજ થી શરૂ થનાર નવરાત્રીની શુભ શરૂઆત થઈ રહી છે. પંચમહાલ જીલ્લાના પાવાગઢ યાત્રાધામ ખાતે આસો નવરાત્રી પર્વ દરમિયાન મોટી સંખ્યામાં યાત્રાળુઓ દર્શનાર્થે આવતા હોય છે. આ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતી તેમજ ટ્રાફિક નિયમન યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે પંચમહાલ જીલ્લાના અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા પ્રતિબંધો મૂકતા જાહેરનામા નવરાત્રી માટે અમલમાં મુકવામાં આવ્યા છે.

- અવાજ પ્રદુષણ પર નિયંત્રણ
- તળેટી થી માંચી સુધીના રસ્તા ઉપર ખાનગી વાહનોની અવર-જવર બંધ.
- ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિંબધ.
- માંચી થી પાવાગઢ મંદિર સુધી મોટા અવાજે રેડિયો, લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ.

શહેરા અનાજ કૌભાંડમાં મુખ્ય આરોપી ઈન્ચાર્જ ગોડાઉન મેનેજરની ધરપકડ બાદ કોર્ટમાં રજુ કરતા પાંચ દિવસના રીમાન્ડ મંજુર

શહેરા,

શહેરા તાલુકા મામલતદાર કચેરી પાછળ આવેલા સરકારી અનાજ ગોડાઉનમાં તપાસ દરમિયાન ૩.૫ કરોડ રૂપીયાનું અનાજ કૌભાંડ સામે આવ્યું હતું. આ બાબતે ઈન્ચાર્જ ગોડાઉન મેનેજર સહિત બે શકદારો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવા પામી હતી. આ કૌભાંડના મુખ્ય આરોપી ઈન્ચાર્જ ગોડાઉન મેનેજર જે નાસતો ફરતો હતો. તેને પોલીસ ઝડપી પાડવામાં આવ્યો. આજરોજ મુખ્ય આરોપીને કોર્ટમાં રજુ કરતા પાંચ દિવસના રીમાન્ડ મંજુર કરવામાં આવ્યા.

પંચમહાલ જીલ્લાના શહેરા સરકારી અનાજના ગોડાઉનમાં શહેરાના તત્કાલીન મામલતદાર મેહુલ ભરવાડ દ્વારા અનાજ ગોડાઉનની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ઘઉંની ૧૩૧૨૭ અને ચોખાની ૧૨૯૮ કટ્ટાની ઘર આવી હતી અને અનાજ કૌભાંડમાં ૩.૫ કરોડ રૂપીયા વસુલવા પાત્ર રકમ થતી હોય આ કૌભાંડ સંદર્ભે મામલતદાર દ્વારા અનાજ ગોડાઉનમાં ઈન્ચાર્જ ગોડાઉન મેનેજર કનૈયાલાલ નાગજીભાઈ રોત સહિત બે વ્યકિત સામે પોલીસ ફરિયાદ નોંધાવા પામી હતી. પોલીસ ફરિયાદ નોંધાયા બાદ અનાજ કૌભાંડનો મુખ્ય આરોપી કનૈયાલાલ રોત નાસતો ફરતો ભાગેડુ હતો. પોલીને ખાનગી બાતમીદાર દ્વારા અનાજ કૌભાંડના આરોપી કનૈયાલાલ રોત મેઘરજ ગામે પોતાના ઘરે આવેલ છે. તેવી બાતમીના આધારે ઝડપી પાડવામાં આવ્યો હતો. શહેરા સરકારી અનાજ ગોડાઉન કૌભાંડના આરોપીને આજરોજ કોર્ટમાં રજુ કરતા પાંચ દિવસના રીમાન્ડ મંજુર કરવામાં આવ્યા છે.